
MANOGAT • Year-38 • Issue-3 • 10 May 2019 • Vaishakh Sud 6, Samvat 2075 • Yugabd 5121 • Price : Rs. 5/- • Pages : 28






# मनोगत

भारतीय जनता पार्टी
ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।



## સદાકાળ ગુજરાત


જય જય
ગરવી
ગુજરાત


Year 38 • Issue 3 • Pages 28

## ૧લી મે ગુજરાત સ્થાપના દિન વિશેષાંક

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.



## તંત્રીસ્થાનેથી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આ અંક મળશે ત્યાં સુધીમાં દેશભરમાં ચાલી રહેલી લોકસભા ચૂંટણી ૨૦૧૯ છેલ્લા તબક્કામાં પ્રવેશી ચૂકી હશે.

ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે, શાળાઓમાં વેકેશનો પડી ગયાં છે અને ભગવાન સૂર્યનારાયણ પોતાની મહત્તમ શક્તિ દ્વારા ગરમી વરસાવી રહ્યા છે. 'મનોગત'ના આ અંકમાં ૧લી મે ગુજરાત સ્થાપના દિનના ઉપલક્ષમાં ગુજરાત, ગુજરાતની સંસ્કૃતિ, પ્રગતિ અને એક વિશેષ કૃતિ-પ્રકૃતિ તરીકે તેને શબ્દબદ્ધ કરીને પ્રસ્તુતિ કરવામાં આવી છે. નવી પેઢી વેકેશનમાં આ અમૂલ્ય વારસાને વાંચે-જાણે-માણે અને સંભાળે તે આવશ્યક છે.

સાથે સાથે એક વાત એ પણ કરવી છે કે, ગરમીમાં સૌથી મહત્ત્વની બાબત છે પાણી. વિચાર કરો કે - નર્મદા ડેમ આજે ન હોત તો ? આજે ગુજરાતની મોટા ભાગની પ્રજા નર્મદાના પાણી પર જ નિર્ભર છે. સુજલામ્-સુફલામ્, સૌની યોજના, ચેકડેમો, બોરીબંધો, ખેતતલાવડીઓ --અને જળ બચાવો અભિયાન હેઠળ થયેલાં ગામે - ગામે ઊભાં કરાયેલાં જળમંદિરોના કારણે જ આપણે રાહતરૂપ સ્થિતિએ ઊભા છીએ. પરંતુ હજી પણ મૂલ્યવાન પાણીના ઉપયોગ સંદર્ભે આપણે એટલા જાગૃત થયા નથી. બાથરૂમના ફ્લશમાં ૫ થી ૭ લીટર પાણી એક જ ઝાટકે વેડફનારાઓ આપણે જ્યાં સુધી પાણીના સાચા મૂલ્ય સુધીની સમજણ પ્રાપ્ત નહીં કરીએ ત્યાં સુધી વ્યવસ્થા કે ઈશ્વરને દોષ દેવો ખોટો જ છે.

આવો, પરસેવા દ્વારા પ્રાપ્ત થયેલા પરિશ્રમી જળના વિવેકપૂર્ણ પ્રયોજન માટે પ્રોત્સાહિત બનીએ - બનાવીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

**૧લી મે ગુજરાત સ્થાપના દિન**




## ગુજરાત રાજ્યની સ્થાપના

સને ૧૯૬૦ના રાજ્ય પુનર્ગઠન અધિનિયમ હેઠળ બૃહદ મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. નૂતન ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રી રવિશંકર મહારાજે 'જય જય ગરવી ગુજરાત'ના નાદ સાથે કર્યું. ડૉ. જીવરાજ મહેતાના મુખ્યમંત્રી પદે ગુજરાત રાજ્યનું પ્રથમ પ્રધાનમંડળ રચાયું. ૧૩૨ સભ્યો ધરાવતી વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૮મી ઑગસ્ટ ૧૯૬૦ના રોજ અમદાવાદ ખાતે નવી સિવિલ હૉસ્પિટલના એક મોટા હોલમાં યોજાયું.

## ગુજરાત એટલે ગુજરાત જ

ગુજરાત એટલે ગુજરાત જ... આ વિભાવનામાં સંકુચિત પ્રાંતવાદનો પડઘો જરા સરખો પણ નથી. ગુજરાત એટલે ગુજરાત જ... એમાં ગુજરાતની પ્રજાની આગવી અસ્મિતા અને ગૌરવનો સહજ સ્વાભાવિક રણકો છે. આપણું ગુજરાત આગવું ગુજરાત છે. તેની તોલે કોઈ ન આવી શકે. ગુજરાતની પ્રકૃતિદત્ત કેળવાયેલી કોઠાસૂઝ અને પડકારો સામે પ્રજાશક્તિથી પ્રતિકાર કરીને પાર ઊતરવાની સહનશક્તિ અને વિકાસ માટેની ઉત્કટ ક્ષમતા... આ ગુજરાતને નોખું તારવે છે. ગુજરાત એટલે ગુજરાત જ... અહિંસા અને સહિષ્ણુતા એની ગળથૂથીમાં, સંવેદના એની માનવીય વૃત્તિમાં, ગુજરાતની જયાં વસ્તી છે, ત્યાં તેણે તેના સંસ્કારો અને ઉદ્યમશીલતાથી ગુજરાત ઊભું કર્યું છે.

જય સોમનાથ...
જય દ્વારકેશ...
જય બોલો ગુર્જરી માતની
સ્વર્ણઅક્ષરે લખશે કવિઓ
યશગાથા ગુજરાતની
આ ગુણવંતી ગુજરાતની

ગુણવંતી, ખમીરવંતી ગુર્જરભૂમિનાં ગુણગાન ગાતા વીર કવિ નર્મદની પંક્તિઓ આપણા મનને પ્રફુલ્લિત કરી જાય છે, હૃદયને ડોલાવી જાય છે. ગરવી ગુજરાતની આ ભૂમિમાં અનેક રત્નો પાક્યાં છે. એની કણ કણની ગરિમા ભૂમિના જનજનમાં વ્યાપ્ત છે. એની વીરગાથાઓ, સંસ્કારગાથાઓ લોકહૃદયમાં અંકિત છે.

'જયાં જયાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં વસે ગુજરાત' કવિ નર્મદે વર્ષો પહેલાં ગુજરાતીઓની લાક્ષણિકતાઓને સમજી હતી.



ગુજરાતી એટલે સંસ્કારી કોમ, ઉચ્ચ ભણતર, શ્રેષ્ઠ ગણતર, વ્યાપારી કુનેહ, ઉદ્યોગ સાહસિકતા, ધાર્મિક અભિગમ, શાંતિ, અહિંસા અને પ્રેમના પૂજારી, આ પ્રજા જયાં જયાં વસે, ત્યાં ત્યાં આ લક્ષણો સાથે જ વસે. એટલે જ કદાચ, ચં. ચી. મહેતાને ગાવું પડ્યું,

'ભમો ભરતખંડમાં, સકળ ભોમ ખૂંદી વળી, ધરાતલ ઘૂમો કહીશ, નહિ મળે રૂડી ચોતરી.' 'લીધો જનમ તે ગમે થવું જ રાખ આ ગુર્જર ભૂમિમાં.'



સોમનાથ મંદિર બન્યું ભવ્ય અને દિવ્ય

ભારતના પશ્ચિમ કિનારે ૨૦° ૧' થી ૨૪° ૭' ઉત્તર અક્ષાંશ અને ૬૮° ૪' થી ૭૪° ૧' પૂર્વ રેખાંશ વચ્ચે સ્થિત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર રાજયો સાથે સીમા, ઉત્તરે પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સીમા સાથે જોડાયેલું છે. ગુજરાતને ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો આવેલ છે.

## ગુજરાતની કૃષિક્રાંતિ

કૃષિ એ રાજયના લોકોની મુખ્ય પ્રવૃત્તિ છે. ગુજરાતની ૬ કરોડની આબાદીમાંથી ૬૫ ટકા જેટલી વસ્તી રાજયના ૧૮૨૪૨ જેટલાં ગામડાંઓમાં વસે છે. ૪૮ ટકા લોકો કૃષિ રોજગારી સાથે સંકળાયેલા છે. ગુજરાતમાં કૃષક પરિવારની સંખ્યા ૪૦ લાખ આસપાસ છે, જે પૈકીના ૫૦ ટકાથી વધુ પરિવાર બે હેક્ટર સુધીની જમીન ધારણ કરતા નાના અને સીમાંત ખેડૂતો છે, જયારે ૨ થી ૫ હેક્ટર જમીન ધારણ કરતા બીજા ૩૩ ટકા ખેડૂતો છે. ખેડૂતદીઠ રાષ્ટ્રીય સરેરાશ ૧.૫૭ હેક્ટરની સામે ગુજરાતમાં ૨.૯૨ હેક્ટર ભૂમિ છે.

દેશ કે રાજયના સર્વાંગી વિકાસની આધારશિલા કૃષિ અર્થતંત્રની સમૃદ્ધિ છે. એ સત્યને પકડીને ચાલીએ તો એટલું કહી શકાય કે પાણી વિના આ સમૃદ્ધિ સંભવ નથી. ગુજરાતની જીવાદોરી સમાન ‘સરદાર સરોવર યોજના’ અંતર્ગત સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૩૮ મીટરની થઈ, સરદાર સરોવરના દરવાજા મુકાયા એટલું જ નહીં, પરંતુ પ્રજાને યોજનાની ફળશ્રુતિના લાભો પણ મળતા થયા. ભાજપા શાસનમાં કેવડિયાથી કચ્છ સૂકા રણ સુધી નર્મદાનાં પાણી પહોંચાડવાના ભગીરથ પ્રયાસો થયા.

ઉપરાંત વરસાદના પાણીના ટીપેટીપાને સમુદ્રમાં વહી જતાં અટકાવવાને ભૂગર્ભજળસપાટી ઊંચી લાવવા રાજય સરકારે અનેક આયોજનો કર્યાં. લોકભાગીદારીથી



**અંબાજી બન્યું સ્વચ્છ, સુવિધાયુક્ત અને સુંદર**



હાથ ધરાયેલી 'સરદાર પટેલ સહભાગી યોજના'ને પગલે 'સુજલામ્-સુફલામ્'નાં મીઠાં ફળ મળવા લાગ્યાં. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુજલામ્-સુફલામ્ યોજનાના મહત્ત્વને ઉજાગર કરતી વાત કરતાં કહ્યું છે કે, 'સુજલામ્-સુફલામ્' યોજના એ મારા માટે કોઈ શબ્દસમૂહ કે નારો નથી. મારે મન સુજલામ્-સુફલામ્ એ જીવનનું ધ્યેય છે.

ગુજરાતમાં ભાજપાનું શાસન આવ્યા પછી ખેત ઉત્પાદનમાં ખૂબ વધારો થયો છે. અગાઉ જે માત્ર ૯૦૦૦ કરોડનું કૃષિમૂલ્ય ઉપાર્જન હતું તે આજે ૧ લાખ કરોડથી ઉપર પહોંચી ગયું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના ખેડૂતોની એટલી બધી ચિંતા કરી કે તેમણે કૃષિ મહોત્સવનો અભિનવ અભિગમ અમલમાં મૂક્યો.

## ગુજરાતની શ્વેતક્રાંતિ

વિશ્વના દૂધ ઉત્પાદક દેશોમાં ભારતે મોખરાનું સ્થાન હાંસલ કર્યું. મહત્ત્વની બાબત તો એ છે કે, ગામડાંઓથી માંડીને શહેરો સુધી આખા દેશમાં તાજું અને પૌષ્ટિક દૂધ ઉપલબ્ધ બન્યું. જે લોકો ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાને જાણતા હશે તેમને યાદ હશે કે દૂધનું ત્યારે રેશનિંગ ચાલતું હતું. આપણાં શહેરોમાં સાવ થોડું દૂધ ખરીદવા માટે પણ વહેલી સવારથી લાંબી લાઇનો લાગતી હતી.


આજે ગુજરાતમાં ૨૩ લાખ દૂધ ઉત્પાદકો છે. તેઓ ૧૧,૦૦૦ ડેરી સહકારી મંડળીઓના માલિકો છે. આ સહકારી મંડળીઓ ૧૨ જિલ્લા સહકારી દૂધ સંઘોમાં સંગઠિત થયેલી છે અને ૧૬ ડેરી પ્રોસેસિંગ એકમો ધરાવે છે, જેની પ્રોસેસિંગ ક્ષમતા પ્રતિદિન લાખો લિટરની છે.

## ગુજરાતની વીજક્રાંતિ

ગુજરાતમાં ભાજપા શાસનકાળમાં વીજ ક્ષેત્રે જબ્બર ક્રાંતિ થઈ છે. ૧૯૬૧માં વીજળીની સ્થાપિત ક્ષમતા માત્ર ૩૩૩ મેગાવોટ શક્તિની હતી. ગુજરાતનાં બધાં જ ૧૮,૦૦૦ ગામો ખાતે જયોતિગ્રામ યોજના અન્વયે ૨૪ કલાક વીજળી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે, જે સમગ્ર દેશમાં પ્રથમ છે. દેશના સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૬૦૦-૭૦૦ યુનિટની સરખામણીમાં ગુજરાતનો વીજ વપરાશ બમણા કરતાં વધુ એટલે કે ૨૦૦૦ કરતાં વધારે યુનિટનો છે.

ગુજરાત સરકારની જયોતિગ્રામ યોજના રાજયમાં એટલી હદે સફળ થઈ છે કે અન્ય રાજય સરકારો પણ આ યોજનાની પ્રશંસા કરે છે. ગુજરાતમાં ૨૪ કલાક ત્રણ ફેઈઝ પાવર આપવાથી ગ્રામ્યજનોની લાઈફ-સ્ટાઈલમાં મોટો તફાવત જોવા મળ્યો છે. અગાઉ ગરમીમાં ઘર-શાળાઓ, ગ્રામ્ય હૉસ્પિટલો,


સ્વામી દયાનંદ સરસ્વતી


પાવન દ્વારકા બન્યું રમણીય

દુકાનોમાં પંખા વગર, લાઇટ વગર લોકો પરેશાન હતા. શાળાઓમાં કોમ્પ્યૂટરો હોવા છતાં તેનો ઉપયોગ કરી શકાતો ન હતો અને ગામડાંઓની મહિલાઓ તો લાઇટ વગર ત્રાહિમામ્ પોકારતી હતી. ગામડાંના નાના નાના કારીગરો, ગૃહઉદ્યોગોને તો જ્યોતિગ્રામ યોજના આશીર્વાદરૂપ પુરવાર થઈ. સુથારીકામ કરતા લોકો, દરજીકામના કારીગરો અને આવા તો અનેક ઇલેક્ટ્રિકલ સાધનો વાપરતા ગામડાંના લોકોને ૨૪ કલાક લાઇટ મળતાં રાહત થઈ છે. દેશની અન્ય રાજ્ય સરકારો પણ આ યોજનામાં રસ લઈ અભ્યાસ કરે છે.

## ગુજરાતની ઔદ્યોગિક ક્રાંતિ

ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે પણ ગુજરાત સમગ્ર ભારતમાં એક અગ્રણી રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. દેશના અને વિદેશના અનેક મૂડીરોકાણકારોએ ઔદ્યોગિક મૂડીરોકાણ માટે ગુજરાત પર પસંદગી ઉતારી છે અને તે કારણે જ આજે આપણે ઔદ્યોગિક મૂડીરોકાણ ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવીએ છીએ.

ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ હરણફાળ ગતિએ થઈ રહ્યો છે. ગુજરાત એ વિકાસનું બ્રાન્ડ નેઈમ બની ગયું છે. નવી નવી પરિયોજનાઓ માત્ર કાગળ ઉપર ન રહેતાં નજર સામે સાકાર થઈ રહી છે. આમ આદમીના જીવનમાં ખુશી આવી રહી છે. વાઇબ્રન્ટ ગુજરાત મૂડીરોકાણમાં દેશમાં પ્રમુખસ્થાને બિરાજવા લાગ્યું.

## વિશ્વના ખૂણેખૂણે નામાંકિત ગુજરાતી

ગુજરાતે હિન્દુસ્થાનને કેટલાક પ્રથમ કક્ષાના વકીલો અને ડૉક્ટરો આપ્યા છે. કાનૂનના ભૂલાભાઈ, મુન્શી, વિજ્ઞાનના ભાભા, વિક્રમ સારાભાઈ, શેઠના; ઈતિહાસના સાંકળિયા; સંગીતના ઓમકારનાથ, ક્રિકેટના દુલીપસિંહ, વિજય મરચંટ, વિનુ માંકડ, ફિલ્મના સંજીવકુમાર – નામોનો અંત નથી. આજે પણ જુદાં જુદાં ક્ષેત્રોમાં ગુજરાતી નામો ચમકે છે. અવાજની દુનિયામાં અમીન સયાની શિખરનું નામ છે. કેનિયાની કેન્દ્ર સરકારમાં આફ્રિકનોની સાથે એક ગુજરાતી મંત્રી પણ હતા – અરવિંદ જમીનદાર ! આફ્રિકાની શરીરતોડ વિશ્વ સેફારી કાર રેસ જીતનારા એક જવાનનું નામ છે – શેખર મહેતા ! મોન્ટ્રીઅલ ઓલિમ્પિક્સમાં વિશ્વ ચેમ્પિયન હોકી ટીમ ભારત કે પાકિસ્તાનની ન હતી, પણ ન્યુઝીલેંડની હતી અને એમાં એક પેનલ્ટી-કોર્નર સ્પેશ્યાલિસ્ટ ખેલાડી હતા – રમેશ પટેલ !

## વિશ્વવ્યાપી ગુજરાતી

શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે શિક્ષકોએ હવે બાળકોને બારાખડી શીખવાડતાં ગુજરાતીઓ માટે નવા સૂર રેલાવવા પડશે. કર્તૃત્વનો ક, ખમીરનો ખ, સમૃદ્ધિનો સ, ભક્તિનો ભ, દેશપ્રેમનો દ... વગેરે...

જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં વસે ગુજરાત, કવિ નર્મદની આ ઉક્તિને સાર્થક કરતા ગુજરાતીઓ વિશ્વના ૫૦ ઉપરાંત દેશોમાં ૫૦ લાખ કરતાં વધારે સંખ્યામાં છવાઈ ગયા છે. વિશ્વની અતિ આધુનિક વિશ્વ વિદ્યાલયોમાં ભણતા લોકોમાં ગુજરાતીઓ જોવા મળે એટલું જ નહિ આ વિદ્યાલયોમાં ગુજરાતીઓ ભણાવતા પણ જોવા મળે છે.

ઉદ્યોગો અને વ્યાપારજગતમાં વિદેશમાં ભાગ્યે જ એવું કોઈ ઉદ્યોગગૃહ કે વ્યાપારક્ષેત્ર હશે જેમાં ગુજરાતી જોવા ન મળે. કેન્યામાં ફાઉન્ડ્રી, કાપડ, પાવર વગેરેમાં ગુજરાતીઓનું પ્રભુત્વ છે.





બેલ્જિયમનો હીરા ઉદ્યોગ ગુજરાતીઓના હાથમાં છે. સાઉથ આફ્રિકામાં પ્રિન્ટિંગ, ખાણ તથા વેપારમાં ગુજ્જુઓ આગળ છે. બ્રિટનમાં ન્યૂઝ પેપર, ઇલેક્ટ્રોનિક ઉત્પાદન, ટૂરિઝમ, પોલાદ અને ફાઇનાન્સમાં ગુજરાતીઓ મેદાન મારી ગયા છે. અમેરિકામાં તો કરોડપતિ (ડૉલરમાં) ગુજરાતીઓની સંખ્યા વધી રહી છે. ગુજરાતીઓની માથાદીઠ આવક ભારતભરમાં વધારે તેમ વિદેશમાં જ્યાં ગુજરાતીઓ વસ્યા હોય તે દેશની સરેરાશ માથાદીઠ આવક કરતાં ગુજરાતીઓની આવક વધારે જોવા મળે છે. ગુજરાતીઓની આર્થિક સદ્ધરતા, કુનેહ, વિચક્ષણ બુદ્ધિ, ભાઈચારાની ભાવનાને દરેક દેશની પ્રજાએ વખાણી છે.


## ગુજરાતમાં ધર્મ બન્યો સમાજસેવાનો પાયો

આ વ્યક્તિગત ઉન્નતિ એ જ ગુજરાતીઓની ઓળખ નથી. દરેક દેશમાં ગુજરાતીઓ પોતાની સામાજિક પ્રવૃત્તિ, જ્ઞાતિ આધારિત સંસ્થાઓ અગર ગુજરાતી સમાજની સ્થાપના કરીને આગળ ધપાવે છે. ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અત્યંત ગુંથાયેલા રહે છે. ભારત બહાર ૪૦૦ ઉપરાંત મંદિરોની સ્થાપના કરવા બદલ પૂ. પ્રમુખસ્વામીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મળેલ સ્થાન તેનું ઉત્તમ ઉદાહરણ છે. બધે જ હરિભક્તોની અવિરત સાધના,



મહાત્મા ગાંધીજી

વિવેકાનંદ કેન્દ્ર, દાદા આઠવલેનાં સ્વાધ્યાય કેન્દ્રો, વૈષ્ણવ સંપ્રદાયના મંદિરો, જૈન ધર્મના અનુયાયીઓ, વેદાંત સોસાયટીમાં વેદાંતીઓ બધે જ ગુજરાતીઓ શ્રદ્ધા પ્રમાણે



## ડાકોર બન્યું સુંદર અને સુવિધાયુક્ત



ગુજરાતમાં NRI દ્વારા થતી ખરીદી પરથી જ આનો ખ્યાલ આવી જાય. નવરાત્રી, દિવાળી, જન્માષ્ટમી, રક્ષાબંધન, સંવત્સરી કે અન્ય કોઈ તહેવાર હોય, આબાલવૃદ્ધ તેની ઉજવણીમાં જોડાઈ જાય છે. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો જાળવતાં નૃત્ય, રાસ, ગરબા, આદિવાસી નૃત્ય, ડાયરો, ભવાઈ, લોકગીતના કાર્યક્રમો માટે કલાકારોને ખાસ આમંત્રણ આપી બોલાવાય છે. સમયાનુસાર તેની મજા લૂંટવામાં પણ ગુજરાતીઓ અન્ય પ્રાંતના લોકોની સરખામણીમાં આગળ છે. 'ફ્રોમાના' ભક્તિભાવથી આધ્યાત્મિકતામાં અવિરત જોડાયેલા રહે છે. બાળકો માટેની શિબિરો, યુવાઓ માટેની કાર્યશાળાઓ, દરેક અઠવાડિયે ત્રણ કલાકની પાઠશાળા વગેરે અનેકવિધ કાર્યક્રમો દ્વારા ગુજરાતી સમાજ એકબીજાથી અત્યંત નજીક રહે છે. ૧૦,૦૦૦ લોકોનું 'જૈનો' દ્વારા જૈન સંમેલન કે ૧૫,૦૦૦ લોકોનું રામકથામાં ૧૦૦૦ માઈલના વિસ્તારમાં ઊમટવું તે છ માસિક કે વાર્ષિક કાર્યક્રમો વિદેશોમાં જોવા મળે છે.

ગુજરાતી તહેવારો ઊજવવામાં પણ અનોખો ઉત્સાહ હોય છે.



### ગુણિયલ હો ગુજરાત !

**(ગાડી આવી ગુજરાત)**

ગુણિયલ હો ગુજરાત ! અમી તારી આંખડીએ રે,
ભવરણમાં ભલી ભાત પળીએ તુજ પાંખડીએ રે,
લીલમલીલી લચી રે લક્ષ્મી શી આ તુજ કુંજ
રસસાગર તુજ આંગણ ઊછળી ભરી દે મોતીના પુંજ
અમી તારી આંખડીએ રે.
મંદિર મહેલ ને મસ્જિદો રે તારી કળાના ફાલ,
સંધ્યા હવા ને ચંદનીથી વધુ તારી કળા છે કમાલ !
અમી તારી આંખડીએ રે.
ગાજે તુજ ગિરિકંદરે રે કેસરીના વીર નાદ
એન વેળા તુજ શૂર સંતોના આપે શા વીરપ્રસાદ !
અમી તારી આંખડીએ રે.
આભભર્યા દેવથાળથી રે સોહ્ય અધિક તુજ ચોક,
યુગયુગને નવજયોતે અજવાળે સંત તારા પુણ્યશ્લોક
અમી તારી આંખડીએ રે.
સ્વર્ગંગાની ઉરછોળ શા રે ગાજે તુજ ગરબા ને રાસ,
એ રસનાં અમીવર્ષણ એવાં વરસે કયે બીજે પાસ ?
અમી તારી આંખડીએ રે.
મેઘ ઊડી ધરા ઊતરે રે, એવા છે અમ ઉરબંધ
માત સકલ સદા પૂજશું સ્નેહે આભ ઝીલી અમ સ્કંધ !
અમી તારી આંખડીએ રે.

– અરદેશ ફરામજી ખબરદાર

## ગુજરાતીઓ ક્યાં નથી ?

ગુજરાતીઓને સદા મહાગુજરાત રચતાં આવડ્યું છે. ઈતિહાસકાળની ઉષામાં પણ ગુજરાતીઓએ મીસર ને સિંહલ, જાવા ને ચીન ખેડ્યાની કથા કોણે નથી સાંભળી ? મધ્યકાળના ચોર્યાશી બંદર પર વાવટો ફરકાવતા ગુજરાતની કીર્તિ કોણે નથી સાંભળી ? અને આજે ગુજરાતી ક્યાં નથી? કરાંચી ને કલકત્તા, દિલ્હી અને મદ્રાસનો ગુજરાતીસમૂહ એ તો હિંદી મહાગુજરાતનાં ચોદિશામાં સીમા–ચિહ્નો છે; પણ ગુજરાતીઓ ક્યાં નથી ? ટોકિયોમાં ક્યાં નથી ? પેરિસમાં ક્યાં નથી ? ન્યુયોર્કમાં ક્યાં નથી ? ત્યાં બધે પદેપદે રસાળ ગૂર્જરગિરા બોલાય છે.


– કનૈયાલાલ મુનશી

ફેડરેશન ઑફ ગુજરાતી ઍસોસિયેશન ઑફ નોર્થ અમેરિકા, જેની ૮૦ જેટલી સંસ્થાઓ સભ્ય છે તે અમેરિકા, કેનેડામાં આવા વાર્ષિક કાર્યક્રમો યોજે છે, જેમાં બાળકો–યુવાનો ૪–૬ માસની તૈયારી પછી સ્પર્ધામાં ભાગ લઈ ૪ કલાક સુધી સતત કાર્યક્રમો આપે છે. ગુજરાતમાં યોજાતા યુવા મહોત્સવની સરખામણીમાં આ કાર્યક્રમો સહેજ પણ ઊણા ન ઊતરે.

છેલ્લાં દસ વર્ષથી ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ગયેલા ગુજરાતીઓની સંખ્યા પણ વધતી ચાલી છે. ત્યાંની સરકારો પણ આ મહેનતુ, પ્રામાણિક તથા નિરુપદ્રવી પ્રજાને વીઝા આપવામાં વિલંબ કરતી નથી. બ્રિટિશ સરકારે તો દસ વર્ષ માટેનો મલ્ટીપલ એન્ટ્રી વીઝા આપવાનું નક્કી કર્યું છે, અમેરિકન એમ્બેસી, બ્રિટન એમ્બેસી કે બ્રિટિશ એરવેઝના પ્લેનમાં સૂચનાઓ પણ ગુજરાતીમાં અપાય ત્યાં સુધીની ગુજરાતીઓની તથા તેમની ભાષાની સ્વીકૃતિ થયેલ છે.

નાનકડા દેશોમાં ગુજરાતી સ્કૂલ ચાલે તથા ૧,૦૦૦ વિદ્યાર્થીઓમાં તે





રવિશંકર મહારાજ

દેશના ૩૦૦ વિદ્યાર્થીઓ ભણે એવું પણ સાઉથ આફ્રિકા, કેન્યા વગેરેમાં જોવા મળે છે. હિન્દુ કાઉન્સિલ ઑફ કેન્યા તથા હિન્દુ કાઉન્સિલ ઑફ આફ્રિકા જેમાં આફ્રિકા ખંડના ૨૦ ઉપરાંત દેશો જોડાયેલ છે.

## માતૃભાષા ગુજરાતી

આપણા ગુજરાતના લોકોને તેમની માતૃભાષા ગુજરાતી પ્રત્યે પણ અપાર પ્રેમ રહ્યો છે. હિન્દુસ્તાનનું પહેલું સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર' ગુજરાતી ભાષામાં નીકળ્યું હતું,

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ;
કૃષ્ણ ચંદ્રની કૌમુદી ઊજળો,
કીધ પ્રભુએ ય સ્વદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ.
ધન્ય હો...
ગુર્જરી ! જય ! જય !
તવ ચિરકાળ !
ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ.

– ન્હાનાલાલ

## હે ગુર્જરી

મા ભૂમિ હે મુજ ગુર્જરી
તવ તીર સિંધુતરંગ મંદ્રિત, ગાનથી ઘર–કુંજ રી,
તવ સ્ફટિક મૌક્તિક નિધિ વિપુલ તવ શસ્ય પલ્લવપુંજ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું કાલજયી અજરા અમર મહતી પુરાતન શાશ્વતી,
તું નિત્ય મુકુલિત સંપદે તવ, તેજ નમણી ભાસ્વતી,
તારે ને તંદ્રા લેશ, જાગૃતિ કર્મને પ્રસ્પંદ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું ગિરિવને ગહના, નદીજલ નિર્મલા, અકલંક રી,
તવ વિહંગરવ તરુછાંય શીતલ સકલ જનપદ પંથ રી,
તવ ગગન મહીં રેલાય ગોપની સૂરમધુર બંસરી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું સ્નિગ્ધ તું પરને ય લેતી સહજ પોતાનાં કરી,
દેશ પરદેશે રહે તારી પતાકા ફરફરી,
લખ લોકને આનંદ કોલાહલ ભર્યું તવ તીર્થ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તારે ઉછંગે ઊછર્યા, પયપાન કીધ ખમીરનાં,
સંતાન તારા મુક્ત, જેમ રમે અબદ્ધ સમીરણા,
સહુ કાજ તું વ્હેતી સદા અક્ષય અમી પરિપૂર્ણ રી,
જય હે જયતુ જય ગુર્જરી !

– રાજેન્દ્ર શાહ

મલાયા (મલેશિયા)ના બંદરીય જકાત અધિકારીઓ માટે ચાર ભાષા જાણવી ફરજિયાત હતી. મલય, અરબ, પોર્ટુગીઝ અને ગુજરાતી.

કેરળનું સૌ પ્રથમ અખબાર 'કેરાલા મિત્ર' ૧૯મી સદીમાં શરૂ કરનાર 'દેવજી ભીમજી' ગુજરાતી હતા. ઓસ્ટ્રેલિયામાં બ્રિસબેન શહેરમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે ગુજરાતી રેડિયો સ્ટેશન ચલાવવામાં આવે છે.


### ગુજરાતીઓની ખાસિયત વિવિધતામાં એકતા


વિવિધતામાં એકતા એ આપણા દેશની તેમજ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. દરેક વ્યક્તિ પોતાની વિશેષતા જાળવી રાખીને તેના માધ્યમથી જ સમગ્રના વિકાસમાં પોતાનો ફાળો આપે એવી આપણી પરંપરા છે.

ગુજરાતે આ પરંપરાને બરાબર નિભાવી છે. ગુજરાતમાં ગુજરાતીપણું હોવા છતાં એનામાં ક્યારેય 'પ્રાદેશિકવાદ' પ્રવેશ્યો નથી.

કરાંચીમાં ૩ દૈનિકો અને ૯ સાપ્તાહિકો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય છે. છેલ્લાં ૭૦ વર્ષથી એક ગુજરાતી સાપ્તાહિક નિયમિત રીતે કરાંચીમાંથી પ્રસિદ્ધ થાય છે. પાકિસ્તાનમાં વસતા ગુજરાતીઓ માટે આ વરદાનરૂપ છે. કલકત્તામાં એક ગુજરાતી સાપ્તાહિક છેલ્લાં ૬૦ વર્ષથી નિયમિત નીકળતું રહે છે. ઇંગ્લૅન્ડમાં બે ગુજરાતી પત્રો નીકળે છે. અમેરિકામાં પણ એક નીકળે છે.

પહેલી ગુજરાતી નવલકથા ૧૮૧૬માં નંદશંકરની 'કરણ ઘેલો' હતી. ૧૮મી સદીના અંત સુધી





સરદાર વલ્લભભાઈ

## ગુજરાત - સ્વાભિમાનની લડતમાં હંમેશા મોખરે

ગુજરાત – સ્વાભિમાનની લડતમાં હંમેશા અન્યો કરતાં આગળ રહ્યું છે. એ સોમનોથનો જીર્ણોદ્ધાર હોય કે રામજન્મભૂમિ માટે આંદોલન હોય. ૧૯૯૦ અને ૧૯૯૨ની કારસેવામાં અયોધ્યા પહોંચેલા કારસેવકોમાં ગુજરાતના કારસેવકોનો હિસ્સો ૪૦ ટકાથી વધુ રહ્યો છે. ગુજરાતની આ તાસીર છે. ગુજરાતનાં ૧૮,૦૦૦ ગામડાંઓમાંથી ૧૨,૦૦૦ ગામડાંઓમાંથી રામશિલાઓ અયોધ્યા મોકલાઈ છે. ગુજરાતની આ સ્વાભિમાની સંવેદનશીલતા છે. પ્રાંતવાદની સીમાએ ગુજરાતને ક્યારેય બંદી બનાવ્યું નથી. ૧૯૯૭માં અમરનાથ યાત્રા નહીં થવા દેવાની ત્રાસવાદીઓએ ધમકી આપી હતી, પરંતુ ગુજરાતીઓએ આ ધમકીની પરવા કર્યા વગર ૩૦ હજારથી વધુ ગુજરાતી યાત્રિકો અમરનાથ યાત્રામાં જોડાયા હતા. ગુજરાતનો આ સહજ સ્વભાવ છે. ૧૯૯૧માં શ્રીનગર ખાતે લાલચોકમાં રોજેરોજે ત્રિરંગો બાળવામાં આવતો તેની વિશેષ પીડા ગુજરાતને થતી હતી. માટે જ ભાજપાના અગ્રણી નેતા ડૉ. મુરલી મનોહર જોષીની એકતા યાત્રામાં સૌથી વધુ ગુજરાતીઓ જોડાયા હતા. આ સમગ્ર એકતા યાત્રાનું આયોજન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ આતંકવાદીઓના ઓથાર વચ્ચે ત્રિરંગો લહેરાવ્યો હતો. ગુજરાત એટલે ગુજરાત જ એની પ્રતીતિ દુનિયાને વારંવાર થઈ ચૂકી છે.

એટલે જ કાકા કાલેલકર, ડોંગરે મહારાજ, રંગ અવધૂત અને સહજાનંદ સ્વામી છેક ઉત્તર પ્રદેશથી આવીને ગુજરાતના થઈ શક્યા. ગુજરાતની વિશેષતા એમનામાં રહેલા સમૂહભાવમાં છે. ગુજરાતીઓ કદી પોતાનો વ્યક્તિગત વિચાર જ નથી કરતા. સમગ્ર સમાજમાં રાષ્ટ્રનો વિચાર કરે છે. કદાચ એટલે જ ગુજરાતમાં દેશના અન્ય કોઈ રાજ્યમાં નથી એટલી સામાજિક સંસ્થાઓ અહીં છે.

અન્ય પ્રાંતોમાંથી ઘણી જાતિઓ ગુજરાતમાં આવી હતી. ગુજરાતમાં ઉત્તર દિશામાં રાજપૂતો અને ગુર્જરો આવ્યા. કચ્છનું રણ વીંધીને બલૂચો અને સિંધીઓ આવ્યા. દરિયાઈ માર્ગે આરબો આવ્યા.

સિદ્દીઓ અને પારસીઓ પણ આવ્યા. અનેક પ્રકારની જાતિઓ–પ્રજાઓનો પ્રેરક સંગમ એટલે જ ગુજરાત. ૧૭૦ થી પણ વધુ જાતિઓ ગુજરાતમાં આવીને વસી છે. સમંદર જેવાં વિશાળ દિલ અને ભાઈચારાની ભાવના ધરાવતા ગુજરાતીઓએ સૌને હૂંફાળો આવકાર આપી, પોતાનામાં સમાવી લીધા. અહીં આવીને વસેલી તમામ જાતિઓ હવે ગુજરાતીઓ છે. ગુજરાતની સમૃદ્ધિ વધારવામાં તેઓ સહયોગી બની રહ્યા છે.

## ગુજરાતની સામાજિક સમરસતા

ગુજરાત અસ્પૃશ્યતા નિવારણ અને સામાજિક સમરસતામાં મોખરે રહ્યું છે. સ્વાતંત્ર્ય સંગ્રામની આગેવાની ગુજરાતી એવા મહાત્મા ગાંધીના હાથમાં આવી ત્યારથી જ ગુજરાતની પ્રજાનો સ્વીકૃત ભાવ ગાંધીજી દ્વારા દેશભરમાં પ્રસર્યો. નરસિંહ મહેતાએ અસ્પૃશ્ય ગણાતા વિસ્તારમાં જઈને પોતાનાં ભજનો ગાયેલાં ત્યારથી જ જાણે કે અસ્પૃશ્યતા નિવારણ માટેનાં પગરણ ગુજરાતમાં મંડાયાં. સ્વતંત્રતાની ચળવળમાં જે સામાજિક કાર્યો થઈ રહ્યાં હતાં તેમાં ગાંધીજી દ્વારા ગ્રામસફાઈ કે સફાઈ યજ્ઞો યોજાતા. એ જ રીતે નાતજાતના ભેદ ભુલાય તે ભાવથી 'પ્રીતિ–ભોજન'ના કાર્યક્રમો પણ ગુજરાતમાં મોટા પાયે થતા.

દલિતોદ્ધારની ચળવળનો ઇતિહાસ તપાસતાં ડૉ. આંબેડકરે હુંકાર કરેલો કે, 'દલિતોને મળતા અધિકારો તેની ઉપરની દયાના સ્વરૂપે નહિ, પણ તેના અધિકારરૂપે મળવા જોઈએ.' દલિતોના હૃદયની વાતનો પડઘો બાબાસાહેબ આંબેડકરના ઉદ્‌બોધનમાં દેખાયો છે. એ જ વાતને વધુ અસરકારક ભાષામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પ.પૂ.ગુરુજીએ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત ૧૯૬૯ની ધર્મ

## આપણું ગુજરાત આગવું ગુજરાત બનાવવા હું સંકલ્પ લઉં છું કે...

- હું ગુજરાતનું અહિત થતું હોય તેવી કોઈ પણ પ્રવૃત્તિને વખોડી કાઢતાં અચકાઈશ નહીં.
- હું મારામાંથી માનવતા નષ્ટ ન થાય તે માટે સતત તકેદારી રાખીશ.
- હું વિચાર, વાણી, વર્તન અને વ્યવહારથી વ્યક્તિવિશેષ બનવા માટે સતત પ્રયત્ન કરીશ.
- હું પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન અને પુરુષાર્થથી પુરુષમાંથી પરમહંસ બનવાનો પ્રયત્ન જાળવી રાખીશ.
- હું માનવતાની મહેક પ્રસરાવીને અને માણસાઈના દીવા પેટાવીને ખરેખર માનવ બની રહીશ.
- હું અન્યના દોષો જોવા, સાંભળવા અને કહેવામાં મારો કીમતી સમય ગુમાવીશ નહીં.
- હું મારાં નાનાં કાર્યોને સતત મોટી ચીવટ રાખીને કરતો રહીશ.
- હું આવતીકાલનું આયોજન આજે જ કરીશ અને તે મુજબ અમલીકરણ થાય તેવો પ્રયત્ન કરીશ.
- હું ધારું તે સારી પ્રવૃત્તિ કરી શકું છું તેવો આત્મવિશ્વાસ જગાડીશ.
- હું ધારું તે કુટેવ અને કુસંગ છોડી શકું છું તેવું મનોબળ વધારતો રહીશ.
- હું સ્વયંસુધારક બનતો રહીશ અને પછી જ સમાજસુધારક બનીશ.
- હું મારી શક્તિઓને ઓળખીશ અને ગુજરાતના હિત માટે ઉપયોગ કરતો રહીશ.
- હું મારી નબળાઈઓને ઓળખીશ અને ગુજરાતના હિતમાં ઉપયોગ કરતો રહીશ.
- હું ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે નવી તકો ઊભી કરતો રહીશ.
- હું ગુજરાતને સમૃદ્ધ બનાવે તેવી વિકાસલક્ષી યોજનાઓ અને પ્રોજેક્ટ સરકારને આપતો રહીશ.
- હું ગુજરાત રાજ્યની સંપત્તિને પોતાની સમજી તેનું જતન કરીશ.
- હું 'જળ એ જ જીવન છે' તે ઉક્તિને સાર્થક કરી જળનો વ્યય નહીં થવા દઉં.
- હું હંમેશા ગુજરાતની અસ્મિતાનું જતન કરીશ.
- હું ગુજરાતી તરીકે અનુશાસનનું પાલન કરીશ.
- હું ગુજરાતી તરીકે નૈતિક ફરજોનું પાલન કરીશ.

સંસદમાં કહેલું કે, 'અસ્પૃશ્યતા એ હિન્દુ સમાજનો સૌથી મોટો ડાઘ અને કલંક છે. તેનો નાશ થવો જ જોઈએ. પણ તે ખોખલાં સૂત્રોથી નહીં થાય. એને માટે દરેક હિન્દુએ ઘેર ઘેર, ગામડે ગામડે, શહેરે શહેરે ફરીને ભાઈચારાના આચરણ માટે પ્રજાને શિક્ષિત કરવી પડશે.'

એ જ પ્રમાણે ગુજરાતના અનામત આંદોલન પછીના એક જાહેર કાર્યક્રમમાં સરસંઘચાલક પૂ. બાબાસાહેબ દેવરસે જણાવેલ કે, 'જો અસ્પૃશ્યતા એ પાપ નથી તો અન્ય કોઈ પાપ હોઈ શકે જ નહિ.'

અસ્પૃશ્યતા નિવારણ અને સામાજિક સમરસતાનો ભાવ નિર્માણ કરવા માટે જ શ્રી અટલબિહારી બાજપાઈએ વડાપ્રધાન બનવાની સાથે જ સમાજ કલ્યાણ ખાતાનું નામ બદલીને 'સામાજિક ન્યાય અને અધિકારિતા' રાખવાની જાહેરાત કરેલી. આ ફેરફાર દલિતોને ન્યાયના યાચકમાંથી ન્યાયના અધિકારી બનાવવા માટે જ હતો. આ પ્રતીકાત્મક પગલાંને ગુજરાતની સરકારે વધાવી લીધેલું અને જાહેર કર્યું હતું કે દલિતોના વિકાસના આયોજન માટે પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો એકાત્મ માનવવાદ, મહાત્મા ગાંધીનો સર્વોદયવાદ અને ડૉ. આંબેડકરનો સમરસતાવાદ આપણી પ્રજા માટે પ્રેરણાસ્રોત છે.

### ખમીરવંતા ગુજરાતીઓ

ગુજરાતની ગુણવંતી, ખમીરવંતી ભૂમિમાં અનેક રત્નો પાક્યાં છે. ગુજરાતના પ્રથમકક્ષ સપૂતોએ પોતાના શિક્ષણ અને સંસ્કારથી હિન્દુસ્તાનને સજાવવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો છે. વિજ્ઞાનના ડૉ. હોમી

ભાભા, વિક્રમ સારાભાઈ, શેઠના, કાનૂનના ભુલાભાઈ, મુનશી, ઈતિહાસના સાંકળિયા, સંગીતના ઓમકારનાથ, ફિલ્મના સંજીવકુમાર, હિન્દુસ્તાનની આઝાદીની ચળવળમાં તો અનેક નામી-અનામી ગુજરાતી ક્રાંતિકારીઓએ અગત્યનો ભાગ ભજવેલ હતો. યુગપુરુષ મહાત્મા ગાંધીજી ગુજરાતની ભૂમિના સપૂત છે તે ગૌરવ ગુજરાતીઓ આગામી સદીઓ સુધી લઈ શકશે. સ્વતંત્ર ભારતના પ્રથમ ચીફ જસ્ટિસ હીરાલાલ કણિયા, બીજા સરસેનાપતિ રાજેન્દ્રસિંહજી, સેનાના એક જ ફિલ્ડ માર્શલ માણેકશા, પ્રથમ ક્રિકેટર રણજી - આ બધા ગુજરાતીઓનું યોગદાન અનેરું છે.

## ગુજરાતી એક જીવંત અને જાગૃત વ્યક્તિ છે

ગુજરાતની વાત કરતા હોય અને કનૈયાલાલ મુનશીને યાદ ન કરીએ તે કેમ ચાલે ? ગુજરાતની અસ્મિતા એટલે શું ? તેઓ કહે છે, ‘આ અસ્મિતા શબ્દ ૧૯૧૩, ૧૪માં હું ‘યોગસૂત્ર’માંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો. ત્યારથી હું તેના પર વિચાર કરું છું અને તેને પોષે એવી સામગ્રી એકઠી કરું છું. અમે જન્મે ગુજરાતી છીએ, ગુજરાતી બોલીએ છીએ, અમારા સંસ્કાર ગુજરાતી છે. એમ કહો આપણામાં ગુજરાતી અસ્મિતા આવતી નથી. અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેનાં બે અંગ છે અને હું હું જ રહેવા માંગું છું.

ગુજરાત વિશે કનૈયાલાલ મુનશીએ ખૂબ સરસ વાત કરી છે. ‘ગુજરાતને સીમાડા નથી. ગુજરાત એક જીવંત અને જાગૃત વ્યક્તિ છે, જે પોતાને એક કલ્પવામાં, પોતાનું અસ્તિત્વ એક દૃઢ સંકલ્પ દ્વારા સમજવામાં જીવનસાફલ્ય સમજે છે અને ગુજરાતીઓનું બન્યું છે ખરું, પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, ત્યાં ગુજરાત છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસ્તી છે.’

## ગુજરાતના વિકાસને વિશ્વે વખાણ્યો

ભાજપા શાસને ગુજરાતીઓનો જનવિશ્વાસ ઉજાગર કરીને રાજ્યના ઔદ્યોગિક, કૃષિ અને આર્થિક-



ઝવેરચંદ મેઘાણી

સામાજિક માળખાકીય વિકાસને શ્રેષ્ઠ ક્ષમતા ઉપર લઈ જઈ, ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી કરી. આજે ગુજરાતના અભૂતપૂર્વ વિકાસની નોંધ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ રહી છે. વિવિધ ક્ષેત્રોની સુંદર કામગીરી માટે રાજ્યને અનેક ઍવૉર્ડ / સન્માન અનેક સંસ્થા તરફથી મળ્યાં છે, જેમાં વિશ્વ બેંક, યુનો, યુનેસ્કો, કોમન વેલ્થ ઍસોસિયેશન, માઈક્રોસોફ્ટ, વોશિંગ્ટન પોસ્ટ વગેરે વિદેશોનો સમાવેશ થાય છે. ભારતમાંથી કેન્દ્ર સરકાર, પ્લાનિંગ કમિશન, વડાપ્રધાનશ્રી, રાજીવ ગાંધી ફાઉન્ડેશન, ઈન્ડિયા ટુડે,

નવા રૂપરંગ શામળાજી, બહુચરાજી





જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી,
ત્યાં ત્યાં ગુર્જરી મહોલાત.
ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ
જ્યાં ગૂર્જરનો વાસ,
સૂર્યતણાં કિરણો દોડે ત્યાં
સૂર્યતણો જ પ્રકાશ.
ગૂર્જર ભરતી ઊછળે છાતી ત્યાં
રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
– ખબરદાર

ચિત્રલેખા અને બીજા ઘણાનો સમાવેશ થાય છે.

આ વિવિધ કામગીરીઓમાં કચ્છના ભૂકંપનું વ્યવસ્થાપન, હેરીટેજ સાચવણી, ઈ–ગવર્નન્સ, વીજળીક્ષેત્રે સુધારા, કન્યા–કેળવણી, માતૃકલ્યાણ, શહેરી વિકાસ, આર્થિક સ્વતંત્રતા તથા શ્રેષ્ઠ રાજય તેમજ શ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રી વગેરેના ઍવોર્ડ સન્માનનો સમાવેશ થાય છે.

## આફતને અવસરમાં બદલાવી

ગુજરાત, ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ સદીના મહાવિનાશક ભૂકંપ દ્વારા કુદરત ગુજરાત પર કોપી, ધરા ધ્રૂજી, હચમચી ઊઠ્યું જનજીવન, હજારો મકાનો તૂટ્યાં ને અનેકની જીવાદોરી, ભર્યાભાદર્યાં લાખો કુટુંબો તારાજ થયાં. પણ... ન ભાંગ્યું ગુજરાતી ખમીર, ન હણાયું લોકોનું હીર, કુદરતે જોર બતાવ્યું, તો ગુજરાતે જોમ. સરકારે બીડું ઝડપ્યું ને તેને મળ્યો સંસ્થાઓનો સથવારો અને પ્રજાનો સહકાર. માનવતાનો મહેરામણ છલકાયો. પ્રચંડ પુરુષાર્થ વડે પ્રકૃતિ ઉપર પુરુષાર્થની થઈ જીત.

દુનિયાના ચાલીસ જેટલા વિવિધ દેશોના નિષ્ણાતોના બનેલા સંગઠન 'અમેરિકન બચાવ જૂથ'ના આંતરરાષ્ટ્રીય વડા કોયન્ડગ્લાસ છે. તેમણે દુનિયાભરમાં સેંકડો વિનાશ જોયા છે. તેઓ કચ્છ–ભૂજની ભૂકંપ હોનારતમાં તેમની ટીમ સાથે ભૂજ આવેલા. તેમણે ભૂજની તારાજી જોઈ કહ્યું કે, અહીં વિનાશનું પ્રમાણ ઘણું મોટું છે. આમ છતાં અહીંના લોકોની સ્વસ્થતા જોઈ મને ખૂબ જ આશ્ચર્ય થાય છે. અહીંના લોકોએ મને જીવનમાં કંઈક નવા પાઠ શીખવ્યા છે. અન્ય દેશમાં જો આવો વિનાશ થયો હોત તો ત્યાંના લોકો રડતા હોત, કકળતા હોત, ચારેબાજુ તોફાનો ફાટી નીકળ્યાં હોત, લૂંટફાટ થઈ હોત, પરંતુ અહીંના લોકોનો જુસ્સો, ખમીર અને વ્યવહારિકતા ગજબનાં છે. અહીં કંઈક નોખી માટીના માનવીઓ વસે છે. લોકોના ચહેરા પરની શાંતિ અમોને મૂંઝવે છે. મને લાગે છે કે, ભારતીય જીવન જીવવાની પ્રણાલી અને તેની ફિલોસોફી આનું પરિણામ છે.

એકવીસમી સદીમાં આપણું ગુજરાત સમગ્ર વિશ્વમાં એક અને પ્રગતિશીલ અને નમૂનેદાર રાજય બની રહેશે અને તેની સાથે ગુજરાતની અસલિયત, અસ્મિતા અને આગવી સંસ્કૃતિ મુજબનું રાષ્ટ્રનું શ્રેષ્ઠ રાજય બની રહેશે. સૌના સહિયારા પુરુષાર્થ વડે આ શક્ય બનશે તેમાં શંકાને સ્થાન નથી.

ગુજરાત. ચાર અક્ષરનું નામ બોલાય કે સંભળાય ત્યાં પ્રત્યેક ગુજરાતીની છાતી ગજ ગજ ફુલાય, મન આનંદથી બોલવા લાગે 'આપણું ગુજરાત, આગવું ગુજરાત'. હૈયું



## ‘શિવાસ્તે પન્થાનઃ સન્તુ ।’

આજથી અસ્તિત્વમાં આવતું ગુજરાત રાજ્ય ગુર્જર દેશ – ગુર્જર મંડળ, ગુર્જસ્ત્રા અને ગુર્જરતા એમ વિવિધ નામોથી પ્રાચીન ગ્રંથોમાં જેનો ઉલ્લેખ થયો છે તે જ ભૂમિને આવરી લે છે. આચાર્ય હેમચંદ્રના સમયથી તે ગુજરાતને નામે ઓળખાવા લાગ્યો એમ તે પછીના ગ્રંથો પરથી જાણવા મળે છે.

ઈ.સ. ૧૨૧૬ એટલે કે. વિ.સં. ૧૨૭૨માં લખાયેલા ‘વીસલ દેવરાસો’માં તેના કવિ નાલ્હે ‘દીયો દેશ ઝંડોવરો સમંદ, સારી ગુજરાત’ એમ સોરઠ સાથે ગુજરાતના કરેલા ઉલ્લેખ પરથી આજથી ૭૯૮ વર્ષ પહેલાં ગુજરાતનું નામ પ્રચલિત હશે એટલું જ નહીં, પણ ગુજરાત – સોરઠ વચ્ચે ગાઢ સંબંધ પણ હશે તેની પણ પ્રતીતિ થાય છે. જય જય ગરવી ગુજરાતનું ગાન કરનાર કવિ નર્મદે એની કવિતામાં ‘સોમનાથ દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ’ કહીને સૌરાષ્ટ્રસહ ગુજરાતની કલ્પના કરેલી છે. આમ વિચારતાં ૧લી મે થી કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત એમ ગુજરાતીભાષી ત્રિભૂમિ ખંડોનું એકીકરણ ગુજરાત રાજ્યનું મંગલ ચિહ્ન જ લેખાય.

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શકુન દિસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત !
જન ઘૂમે નર્મદા સાથ જય જય ગરવી ગુજરાત !

– કવિ નર્મદ



વીર નર્મદ

## પર-સેવા માટે પરસેવો પાડે તે ગુજરાત


‘ગરવી ગુજરાત’ એટલે પર–સેવા માટે પરસેવો પાડે તે ગુજરાત. ગુજરાતમાં વસતો ગુજરાતી જ નહીં પરંતુ વિશ્વભરમાં વસતા ગુજરાતીએ સદાકાળ ગુજરાત ખડું કર્યું છે અને વિશ્વના ખૂણે ખૂણે વસવા, દરિયાને પાર કરવા સાહસરૂપે નાના નાવડામાં સફર કરી હતી તે ૧૯મી અને ૨૦મી સદી હતી. હવે યુગ બદલાયો છે. એકવીસમી સદીમાં આપણો સંકલ્પ એ જ હોય કે આખું વિશ્વ ગુજરાતને પોતાનું ‘ઘર’ બનાવે તેવી મહત્ત્વાકાંક્ષા આપણી છે, હેતથી ભરાઈ જાય કે ‘ગુજરાત એટલે ગુજરાત જ’.

સમગ્ર ભારતમાં આજે ગુજરાતની ચર્ચા છે. ગુજરાતની ચર્ચા છે તો રાજ્યના વિકાસની ચર્ચા છે. પ્રગતિની ચર્ચા છે. ગુજરાત ભાજપા સરકારની ચર્ચા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની નિર્ભિકતા, પ્રામાણિકતા, લોકનિષ્ઠા અને કાર્યદક્ષતાની ચર્ચા છે. ગુજરાતની અસ્મિતાની ચર્ચા છે, તો ગુજરાતીઓના સ્વાભિમાનની ચર્ચા છે. ૧૯૬૦માં સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલ ગુજરાત રાજ્યે વિકાસના પથ પર ગતિ જરૂર કરી છે, પરંતુ જ્યારથી ગુજરાતમાં ભાજપાએ શાસનની ધુરા સંભાળી છે, ત્યારથી ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. ભાજપા શાસનમાં રાજકીય સ્થિરતા દ્વારા પ્રાપ્ત શાંતિ અને સલામતીના વાતાવરણે રાજ્યના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભાજપા શાસનમાં સામાજિક, સાંસ્કૃતિક કે આર્થિક અશાંતિનું નામોનિશાન નથી. પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ વેગીલી બની છે. અહીંયાં સરકાર અને પ્રજા સામસામે નહિ, સાથે સાથે હોવાનો નૂતન ઇતિહાસ સર્જાયો છે.

ગુજરાતમાં ભાજપા શાસનમાં વ્યાપાર છે, પ્રવૃત્તિ છે, સુખ–ચેન છે, શાંતિ છે, સલામતી છે, વિકાસ છે, ઉન્નતિ છે, સંતોષ છે, આધ્યાત્મિક વાતાવરણ છે તો સેવાકીય પ્રવૃત્તિ પણ છે. માનવીના જીવનને સુખમય બનાવવા માટે અહીંયાં શું નથી ? ગુજરાતની આજે આ પરિસ્થિતિ છે, ત્યારે ગુજરાત રાજ્યના આંતરિક પ્રવાહો તરફ રાજકીય વિશ્લેષકો, અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, તજજ્ઞો, વિચારકો કે અભ્યાસુઓ પોતાની સૂક્ષ્મ નજર ન ઠેરવે તો જ નવાઈ !

•

# ભાજપે બનાવ્યું ભવ્ય અને દિવ્ય ગુજરાત




- સ્ટેચ્યુ ઓફ યુનિટી : સ્ટેચ્યુ ઓફ યુનિટી – સરદાર પટેલનું નર્મદાકિનારે વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ નિર્માણ
- વાયબ્રન્ટ ગુજરાત : વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવો કરોડો રૂપિયાનું ગુજરાતના ઉદ્યોગોમાં રોકાણ
- કૃષિ મહોત્સવ : કૃષિ મહોત્સવોનું આયોજન – ગુજરાતનો ૧૧% કૃષિવિકાસ દર
- પંચામૃત યોજના : પંચામૃત યોજના દ્વારા ગુજરાતનો વિકાસ – જ્ઞાનશક્તિ – ઊર્જાશક્તિ – જળશક્તિ – જનશક્તિ – રક્ષાશક્તિ
- જ્યોતિગ્રામ : ૨૪ × ૩૬૫ દિવસ લાઇટ પુરવઠો
- રસ્તાઓનું નિર્માણ રાજ્યમાં ૧ લાખ કિ.મી.ના રસ્તાઓનું શ્રેષ્ઠ નેટવર્ક પ્રગતિપથ – વિકાસપથ – પ્રવાસીપથ – કિસાનપથ અને ગૌરવપથ દ્વારા રસ્તાઓનું નિર્માણ
- નર્મદા ડેમ–કેનાલ : નર્મદા ડેમની ઊંચાઈ ૧૨૧ મીટર પર પહોંચાડાઈ. ૯૦૦૦ ગામો અને ૧૫૦ શહેરો સુધી કેનાલ દ્વારા નર્મદાનું પાણી પહોંચાડ્યું. ૧૦ હજાર કરોડની 'સૌની યોજના' દ્વારા ૧૧૫ ડેમોમાં નર્મદાનું પાણી.
- સુજલામ્–સુફલામ્

  ઉત્તર ગુજરાત માટે સુજલામ્–સુફલામ્ યોજના પૂર્ણ નદીઓનાં જોડાણમાં પ્રથમ રાજ્ય
- ખેત–તલાવડી–બોરીબંધ
- યુનિવર્સિટી : વર્ષ ૨૦૦૦માં ૧૫ યુનિવર્સિટી હતી જેના સ્થાને હાલમાં ગુજરાતમાં ૫૨ જેટલી યુનિવર્સિટીઓ થઈ
- પેટ્રોલિયમ યુનિવર્સિટી – ચિલ્ડ્રન યુનિવર્સિટી – રક્ષાશક્તિ યુનિવર્સિટી – કામધેનુ યુનિવર્સિટી દેશમાં સર્વપ્રથમ
- કન્યા–કેળવણી
- વિદ્યાલક્ષ્મી બોન્ડ – દસ્તાવેજ નોંધણી ફીમાં માફી
- કુંવરબાઈ મામેરું
- ચિરંજીવી યોજના
- ૧૦૮ આરોગ્યસેવા
- ખિલખિલાટ વાહિની–માતા યશોદા એવોર્ડ
- ઈ–ધરા

- ઈ–ગ્રામ
- સ્વાગત ઓન લાઇન : સ્વાગત ઓન લાઇન દ્વારા પ્રજાના પ્રશ્નોનું સીધું જ નિરાકરણ
- જીસ્વાન : જીસ્વાન દ્વારા તમામ જિલ્લા વહીવટીતંત્રોને જોડ્યાં
- સમરસગ્રામ ઍવોર્ડ
- ઈ–મમતા : મમતા દ્વારા માતા–બાળકની સુખાકારી
- સાગરખેડુ યોજના
- મહાત્મા મંદિર નિર્માણ : વિક્રમજનક સમયમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરનું નિર્માણ
- બીઆરટીએસ : અમદાવાદ–રાજકોટમાં BRTS દ્વારા લાખો લોકો માટે લોકલ ટ્રાન્સપોર્ટેશનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ
- સોલાર પાર્ક : એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક (ચારણકા, જિ. પાટણ) ૫૦૦ મેગાવોટ વીજઉત્પાદન
- ગૅસ : રાજ્યનાં ૧૫ લાખ ઘરોને પાઇપથી સીધો ગેસ પ્રાપ્ય
- કલ્પસર : કલ્પસર પરિયોજના – મીઠા પાણીનું વિશ્વનું સૌથી મોટું જળાશય
- સાબરમતી રીવરફ્રન્ટ : દેશમાં પ્રથમ અને નમૂનારૂપ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટનું કર્ણાવતી ખાતે નિર્માણ
- ગૅસગ્રીડ : અંદાજે ૨૦૦૦ કિ.મી. ગૅસગ્રીડ ધરાવતું દેશનું એક માત્ર રાજ્ય
- એનિમલ હોસ્ટેલ : એનિમલ હૉસ્ટેલ દેશમાં પ્રથમ વખત
- વનબંધુ કલ્યાણ
- પશુ આરોગ્ય મેળા
- સોઈલ હેલ્થ કાર્ડ : સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા ખેતક્રાંતિ
- ક્લાઈમેટ ચેંજ : ક્લાઈમેટ ચેંજ માટેનો નવતર વિભાગ સરકારમાં શરૂ કરનાર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય
- ગુટખામુક્તિ : ગુટખા–મુક્તિ અભિયાન
- વાવે ગુજરાત : વાવે ગુજરાત દ્વારા વિક્રમી છોડ ઉછેર
- ગુજરાત મેડિકલ સર્વિસિસ કૉર્પોરેશન : ગુજરાત મેડિકલ સર્વિસિસ કૉર્પોરેશનની સ્થાપના લેપ્રસી–મુક્ત ગુજરાત બન્યું
- રાષ્ટ્રીય અને સામાજિક પર્વોની વિશેષ ઉજવણી : ૧૫ ઑગસ્ટ, ૨૬ જાન્યુઆરી, ગુજરાત સ્થાપના દિન, નવરાત્રી, પતંગોત્સવની વિશેષ ઉજવણી
- બેટી વધાવો : બેટી વધાવો અભિયાન
- વાંચે ગુજરાત : વાંચે ગુજરાત
- ખેલ મહાકુંભ : ખેલ મહાકુંભ, ગ્રામીણ ઑલિમ્પિક
- અમૃતમ્ યોજના : અમૃતમ્ યોજના – ગંભીર–જીવલેણ રોગો સામે
- ઓટોમોબાઈલ રાજધાની : જનરલ મોટર, ટાટા, મારૂતી, ફોર્ડ વગેરે કંપનીઓના ગુજરાત આગમનના કારણે ગુજરાત દેશની ઓટોમોબાઇલ રાજધાની બન્યું
- ધોલેરાસર : ધોલેરાસર નિર્માણાધીન
- ઘોઘા–દહેજ ફેરી : ઘોઘા–દહેજ ફેરી સર્વિસ
- ઓઈલ ઉત્પાદન : ૨૦૦૧માં ગુજરાતમાં પ્રતિદિન ૬૫ બેરલ્સ ઓઈલનું ઉત્પાદન વધીને અત્યારે અંદાજે ૨૫૦૦ બેરલ્સ થયું
- સ્કોપ : સ્કોપ દ્વારા અંગ્રેજી ભાષાના શિક્ષણની યોજના
- એન્જિનિયરિંગ–મેનેજમેન્ટ સીટો : એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની સીટોમાં ૫૦૦%નો વધારો
- ડૉક્ટરો–ફાર્મસીની નવી સીટો : મેડિકલ સીટોમાં ૩૦૦ ટકાના વધારા સાથે
- શાળા આરોગ્ય : શાળા આરોગ્ય અભિયાન દર વર્ષે ૧ કરોડ ૨૫ લાખ કરતાં વધુ બાળકોની આરોગ્યતપાસ
- શાળા–પ્રવેશોત્સવ – ગુણોત્સવ : પ્રાથમિક શિક્ષણ–સુધારણા માટે ગુણોત્સવ
- નિઃશુલ્ક બસ મુસાફરી : કન્યાઓના અભ્યાસ માટે નિઃશુલ્ક બસ મુસાફરી
- ભરતીમેળા – વિદ્યા–સહાયકોની ભરતી : ભરતીમેળા
- ચિંતન શિબિર : ચિંતિન શિબિર દ્વારા ઉચ્ચ વહીવટી અધિકારીઓ પદાધિકારીઓને પ્રોપિપલ ગુડ ગવર્નન્સ માટે પ્રોત્સાહિત કર્યા
- GIFT સિટીનું નિર્માણ : GIFT વૈશ્વિક રોકાણો માટે સર્વોત્તમ સુવિધા
- પંચાયત વિકાસ
- ગરીબ કલ્યાણ મેળા
- ડિસ્ટન્ટ એજ્યુકેશન
- શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના
- ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
- દૂધ ઉત્પાદન
- ન્યુટ્રીશન મિશન
- ટીપી સ્કીમમાં સરળતા
- સાંધ્ય કોર્ટ
- ટીચર્સ એજ્યુકેશન

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતનું પ્રદાન



## સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના લોકોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે, ગુજરાતીઓનું પ્રદાન અમૂલ્ય અને અતુલ્ય રહ્યું

ગુજરાતની અસ્મિતા ગુજરાતની શાંત તાકાત, ઉદારતા, સહિષ્ણુતા, દેશભક્તિ, સત્યાગ્રહી શૌર્ય અને ખેલદિલીમાં વખતોવખત પ્રગટ થઈ છે. ગુજરાતની અસ્મિતા હંમેશા ભારતની અસ્મિતાને પોષક અને સંવર્ધક બની રહી છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સર્વે મહત્ત્વના પ્રસંગોમાં પણ ગુજરાતની અસ્મિતા સંપૂર્ણ ખીલી ઊઠી હતી. દેશના આ મહાયજ્ઞમાં ખેડૂતો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, બુદ્ધિજીવીઓ, મજૂરો, સ્ત્રીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ તથા બુદ્ધિજીવીઓથી લઈ સામાન્ય નાગરિકોએ પોતાનું શોભાસ્પદ પ્રદાન કર્યું છે.

ઓગણીસમી સદીમાં ભારતમાં આઝાદીની ચળવળ માટે થયેલી રાષ્ટ્રીય જાગૃતિની સાથે સાથે ગુજરાતમાં પણ જાગૃતિ આવી હતી. અંબાલાલ સાકરલાલ દેસાઈએ ઈ.સ. ૧૮૭૫માં અમદાવાદમાં 'સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળી' સ્થાપી તેના શ્રીગણેશ કર્યા હતા. ત્યાર બાદ ૧૮૮૪માં 'ગુજરાત સભા' સ્થાપવામાં આવી. ૧૯૦૨માં અમદાવાદમાં પ્રથમવાર અખિલ હિંદ કોંગ્રેસનું અધિવેશન મળ્યું. તે અધિવેશને ગુજરાતમાં રાષ્ટ્રીય જાગૃતિનો સંચાર કર્યો. ૧૯૦૫માં દીવાન બહાદુર અંબાલાલ, ચીનુભાઈ બેરોનેટ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ વગેરે આગેવાનોએ સ્વદેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવા 'સ્વદેશી મિત્રમંડળ' સ્થાપ્યું અને સ્વદેશી વસ્તુને વાપરવા ચળવળ ઉપાડી.

ગુજરાતની પ્રજાએ શાંત અને અહિંસક ચળવળ ચલાવી છે તેમ આઝાદી માટે સશસ્ત્ર ક્રાંતિ પણ ચલાવી છે. ૧૩ નવેમ્બર ૧૯૦૯ના રોજ અમદાવાદ રાયપુર દરવાજા બહારથી જતી વાઈસરોય લૉર્ડ મિન્ટોની બગી પર બોમ્બ નાખી દેશભરમાં ખળભળાટ મચાવી દીધેલ.

લોકમાન્ય ટિળક અને એની બેસન્ટ દ્વારા હોમરૂલ (સ્વરાજ)ચળવળ શરૂ થઈ હતી. ૧૯૧૬માં ગુજરાતમાં પણ તેની શાખાઓ શરૂ થઈ હતી, જેના આગેવાનો હતા બેરિસ્ટર જીવણલાલ વ્રજલાલ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ અને પ્રખ્યાત થિયોસોફિસ્ટ અને બેરિસ્ટર મગનભાઈ ચતુરભાઈ પટેલ.

૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં સફળતા મેળવીને ભારત પાછા ફર્યા. તેમણે આવતાવેંત ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવી દીધું. અમદાવાદમાં કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. ૧૯૧૭માં ગુજરાત સભાના પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા.

૧૯૧૭માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ ગયો. કાયદા મુજબ મહેસૂલ મુલતવી રાખવાને બદલે બ્રિટિશ સરકારે મહેસૂલ ઉઘરાવવાનું ચાલુ રાખતાં ગાંધીજીએ યુવાન નેતા વલ્લભભાઈ પટેલને સાથે રાખી 'ખેડા સત્યાગ્રહ'નો આરંભ કર્યો. ખેડા જિલ્લાના ૬૦૦ ગામના ખેડૂતોએ ગાંધીજી–પટેલને આંદોલનમાં પૂરો સાથ

આપતાં સરકારને અંતે નમતું જોખવું પડ્યું. ભારતમાં આ સૌ પ્રથમ જ ખેડૂત સત્યાગ્રહનો પ્રારંભ ગુજરાતમાંથી કરવામાં આવ્યો, જેને સફળતા મળતાં ખેડૂતોમાં જાગૃતિ અને નીડરતા આવી.

૧૯૧૯માં બ્રિટિશ સરકારે રોલેટ કાયદો પસાર કરી વગર વોરંટે ગમે તે વ્યક્તિને અટકાયતમાં રાખવાની વિશાળ સત્તાઓ મેળવી. તેનો દેશભરમાં વિરોધ થયો. ગુજરાતમાં અનેક શહેરોમાં તેના વિરોધમાં હડતાળો પડી. નડિયાદ પાસે લોકોએ રેલવેના પાટા ઉખાડી ટ્રેનવ્યવહાર ખોરવી નાખ્યો. અમદાવાદમાં તમામ મિલોના મજૂરોએ હડતાલ પાડી. અહીં લશ્કરી કાયદો જાહેર કર્યો. સમગ્ર ગુજરાતમાં રોલેટ કાયદાનો સખત વિરોધ થયો.


૧૯૨૦માં અસહકારની ચળવળ હેઠળ અમદાવાદ, સુરત અને વડોદરાની કૉલેજોના કેટલાક અધ્યાપકોએ રાજીનામાં ધરી દીધાં. સરકારી શિક્ષણનો બહિષ્કાર કરવા અનેક વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓમાંથી નીકળી જઈ બહિષ્કાર કર્યો. અનેક વકીલોએ અદાલતનો ત્યાગ કર્યો, જેમાં વલ્લભભાઈ પટેલ, જી. બી. માવળંકર અને કૃષ્ણલાલ દેસાઈ સામેલ હતા. અનેક લોકોએ સરકારી નોકરીમાંથી રાજીનામાં આપી દીધાં. આમ, અસહકાર ચળવળમાં ગુજરાતે અંગ્રેજ સરકારનો વિવિધ ક્ષેત્રે બહિષ્કાર કરી દેશભરમાં નામના મેળવી.

ભરૂચમાં પાંચમી ગુજરાત રાજકીય પરિષદ મળી તેમાં ડૉ. ચંદુલાલ દેસાઈ (છોટે સરદાર), કલ્યાણજી મહેતા તથા દયાળજી દેસાઈએ પોતાની તમામ મિલકત રાષ્ટ્રને ચરણે ધરી દીધી. રવિશંકર મહારાજે પોતાનું આખું જીવન દેશસેવા માટે સમર્પિત કરી દીધું.

૧૯૨૩માં નાગપુરમાં કોંગ્રેસના ધ્વજ સાથે સરઘસ કાઢવા પર પ્રતિબંધ મુકાતાં 'ઝંડા સત્યાગ્રહ' શરૂ થયો. દેશભરમાંથી સ્વયંસેવકો ઝંડા લઈ નાગપુરમાં ઊમટવા લાગ્યા. વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાંથી ગોધરાના વામનરાવ મુકાદમ, કઠલાલના મોહનલાલ પંડ્યા. અમદાવાદથી પરીક્ષિતલાલ મજમુદાર, સુરતથી ડૉ. ચંપકલાલ ઘીયા, ભરૂચથી ડૉ. ચંદુલાલ દેસાઈ વગેરે સત્યાગ્રહોની ટુકડીઓએ નાગપુરમાં ભાગ લીધો અને ધરપકડો વહોરી કારાવાસ ભોગવ્યો.

૧૯૨૪માં બોરસદમાં બ્રિટિશ સરકારે બારૈયા કોમના અમુક બહારવટિયાઓને પકડવા વધારાની પોલીસ મૂકીને તેના ખર્ચ પેટેના રૂ. અઢી લાખનો વધારાનો કર પ્રજા પર નાખ્યો. આ અન્યાયી કર સામે લડત ચલાવવા દરબાર ગોપાલદાસના અધ્યક્ષપદે સત્યાગ્રહ સમિતિ રચવામાં આવી. એ કર ન ભરવા જબ્બર આંદોલન ચલાવ્યું. સરકારી અમલદારો કર ન ભરનારના ઘેર જપ્તી કરવા જાય ત્યારે દરેક ગામે ઊંચા મકાન ઉપર રાખેલું નગારું સ્વયંસેવક વગાડતો તે સાંભળી લોકો ઘર બંધ કરી તાળાં દઈ દેતાં. બંધ બારણે જપ્તી ન કરી શકાય એવો કાયદો હોવાથી અંગ્રેજ અમલદારો વીલે મોઢે પાછા ફરતા. પ્રજાના સખત આંદોલન સામે સરકારે ઝૂકવું પડ્યું અને અન્યાયી કર પાછો ખેંચી લેવો પડ્યો.

૧૯૨૭માં બારડોલી તાલુકામાં ખૂબ વિકાસ થયો છે તેમ કહી બ્રિટિશ સરકારે મહેસૂલમાં ૨૨ ટકાનો ધરખમ વધારો કર્યો. આ મહેસૂલનો વિરોધ કરવા વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ સત્યાગ્રહનો આરંભ થયો. વલ્લભભાઈનાં જુસ્સાદાર પ્રવચનો અને પ્રયાસોથી ખેડૂતોમાં અનેરું શૂરાતન પ્રગટ્યું. જમીનો અને મિલકતો જપ્ત થવા છતાં ખેડૂતોએ ખમીર જાળવ્યું. જપ્તીનો સામનો કરતા



ખેડૂતોને ડરાવવા અંગ્રેજોએ મુંબઈથી પઠાણોને બોલાવ્યા. બારડોલી સત્યાગ્રહનો પડઘો દેશભરમાં પડ્યો. દેશભરના લોકોએ 'બારડોલી દિન' ઊજવીને દેશભરની પ્રજા ગુજરાતના ખેડૂતોની પડખે છે, તેવી સહાનુભૂતિ દર્શાવી ઉગ્ર આંદોલનને કારણે સરકારને નમતું જોખવું પડ્યું. સમાધાન થતાં ખેડૂતોનો વિજય થયો. વલ્લભભાઈ પટેલને લોકો તરફથી આ સત્યાગ્રહમાં 'સરદાર'નો ખિતાબ મળ્યો.

ભારતના આઝાદી સંગ્રામના ઈતિહાસમાં જે થોડા ઐતિહાસિક સત્યાગ્રહો છે તેમાંનો એક છે, ગુજરાતમાં થયેલ મીઠાનો સત્યાગ્રહ 'દાંડીકૂચ'. અંગ્રેજ સરકાર મીઠા પર કર લેતી આથી ગાંધીજીને લાગ્યું કે આ કર અન્યાયી છે કારણ કે મીઠું એ તો માણસ માત્રની જરૂરિયાત છે. જો પાણી પર કર લેવાય તો મીઠા પર કર લેવાય. ગાંધીજીએ અંગ્રેજ સરકારને પત્રો લખી આ અંગે ખૂબ વિનંતી કરી પણ અંગ્રેજો ન માનતાં નાછૂટકે ગાંધીજીને મીઠાના કાયદાનો ભંગ કરવા સત્યાગ્રહ કરવો પડ્યો.

૧૨મી માર્ચ ૧૯૩૦ની વહેલી સવારે ૭૯ ચુનંદા સાથીઓને લઈ સાબરમતી આશ્રમથી દાંડીકૂચ શરૂ થઈ. આશ્રમથી એલિસબ્રિજના પાંચ કિ.મી.ના રસ્તા પર દાંડીકૂચનું અદ્ભુત દૃશ્ય નિહાળવા લોકોની ભારે ભીડ જમા થઈ હતી. ૩૬૦ કિ.મી. જેટલું અંતર સત્યાગ્રહીઓએ ૨૪ દિવસમાં કાપ્યું. રસ્તામાં ગામડે–ગામડે તેમનું જોરદાર સ્વાગત થયું. ગ્રામજનો ભારે ઉત્સાહથી તેમની સેવા કરે. તેમના આગમન પહેલાં રસ્તાઓ પર પાણી છંટાઈ જાય. સત્યાગ્રહીઓ પર ફૂલોની વર્ષા થાય. ગામેગામ સભા ભરાય અને ગાંધીજી

**મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા મહાપુરુષો, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા ક્રાંતિગુરુઓ અને રવિશંકર મહારાજ જેવા લોકસેવકોની આ પુણ્યભૂમિ એટલે ગુજરાત**
**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**

મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા મહાપુરુષો, શ્યામજી કૃષ્ણ વર્મા જેવા ક્રાંતિગુરુઓ અને રવિશંકર મહારાજ જેવા લોકસેવકોની આ પુણ્યભૂમિ એટલે ગુજરાત.

ગુજરાત, એકવીસમી સદીના પ્રથમ દાયકામાં, દેશ અને દુનિયાની નજરે, આગવી ઓળખ ધરાવતું ગૌરવવંતું રાજ્ય બન્યું છે. સર્વાંગીણ વિકાસની હરણફાળમાં તો, ગુજરાત નંબર વનનું સ્થાન પ્રાપ્ત કરીને એવી ઊંચાઈ ઉપર ઊભું છે જ્યાં તેની સાથે સ્પર્ધા કરવાનું અશક્ય નહીં તો, અઘરું બની ગયું છે.

ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન એટલું નિર્ણાયક પુરવાર થયું છે કે વિકાસની કોઈ પણ બાબત હોય, ગુજરાતનું અનુસરણ કર્યા વગર પાલવે તેમ નથી. વિકાસની અનેક નવી તરાહોનું પુરસ્કર્તા આપણું ગુજરાત બન્યું છે.

ભારતના આયોજન નિષ્ણાતો જ નહીં પણ, એશિયાનાં વિકસિત રાષ્ટ્રોના આર્થિક તજજ્ઞો પણ ગુજરાતની તેજ ગતિની રફતારથી પ્રભાવિત થયા છે.

કોને ફાળે જાય છે આ યશસ્વી વિકાસની સિદ્ધિઓનું શ્રેય ?

આ યશના સાચા અધિકારી તો આપ સૌ છો – ગુજરાતે ૨૧મી સદીનાં પ્રારંભનાં વર્ષોમાં, એક પછી એક શ્રેષ્ઠતાના સંખ્યાબંધ ઍવોર્ડ જીત્યા છે. વિશ્વકક્ષાના ઍવોર્ડ, આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ અને રાષ્ટ્રીય ઍવોર્ડ જીતવાની એકથી વધુ 'હેટ્રિક' આપણે કરી છે. એની સફળતાનું કારણ છે –

વિકાસમાં જનતા જનાર્દનની ભાગીદારી અને લોકસેવાની કાર્યસંસ્કૃતિ. ગુજરાતની આ ક્ષમતા અજોડ છે. ગુજરાતીઓની શક્તિનો મિજાજ પણ બેમિસાલ છે. આપણે આધુનિક વિકાસનાં માત્ર સપનાં સજાવ્યાં નથી, સાકાર કરવાની જનભાગીદારી સર્જી છે. અનેક ક્ષેત્રો એવાં છે જ્યાં, કોઈએ વિચાર્યું પણ ના હોય તેવી, આગવી પહેલ કરીને આપણે પરિણામો મેળવ્યાં છે.

પંચામૃતની પાંચ શક્તિઓના આધાર ઉપર આધુનિક વિકાસનાં ગુજરાતે મેળવેલાં પરિણામોએ, આયોજન નિષ્ણાતો અને વિકાસના હિમાયતીઓને પણ નવી દિશા બતાવી છે.

અનેક વિપરીત સ્થિતિઓ વચ્ચે, વણથંભી ચાલી રહેલી ગુજરાતની આ વિકાસયાત્રા જ, એક અનોખું ડેવલપમેન્ટ મોડલ બની રહી છે. આ નાનીસૂની સિદ્ધિ નથી જ.



જ લો કૉલેજથી નીકળેલ વિદ્યાર્થી સરઘસ પર પોલીસે કરેલા ગોળીબારમાં ઉમાકાંત કડિયા અને વિનોદ કિનારીવાલા શહીદ થયા. ખેડા જિલ્લામાં પણ પાંચ વિદ્યાર્થી શહીદ થયા. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં બૉંબ ફૂટવાના બનાવો બન્યા. મહુવાના જશવંત મહેતા અને અમરેલીના ગુણવંત પુરોહિતની યુવા ટીમે અંબાલી પોલીસ સ્ટેશન પર હુમલો કરી હથિયારો પડાવી લીધાં. ચંદ્રશેખર ભટ્ટની આગેવાની હેઠળના સભ્યોએ સૌરાષ્ટ્રમાં લીલાપુર અને

લોકોને સત્યાગ્રહ વિશે સમજાવે. દાંડીકૂચના અહેવાલો રોજેરોજ દેશનાં અખબારોમાં છપાતા.

પાંચમી એપ્રિલે કૂચ નવસારી શહેરના દરિયાકાંઠાના ગામ દાંડી પહોંચી અને છઠ્ઠીની વહેલી સવારે દરિયાકાંઠે ગાંધીજીએ મૂઠી ભરીને મીઠાનો કાયદો તોડયો. ત્યારબાદ દેશભરમાં મીઠાના કાયદાનો ભંગ થયો.

ગુજરાતમાં થયેલ આ આંદોલને દેશભરમાં તેમજ વિદેશમાં પણ સહાનુભૂતિ મેળવી. અમેરિકાના ન્યુયોર્ક શહેરના કેટલાક નાગરિકોએ મીઠું બનાવવા ત્યાંનાં બંદરોએ કૂચ કરી. અમેરિકાના એક પાદરીએ ૧૦૨ પાદરીઓની સહી સાથેનું આવેદનપત્ર બ્રિટનના વડાપ્રધાનને મોકલી જણાવ્યું કે, તમે ગાંધીજી સાથે સમાધાન કરો. મેક્સિકોનાં મજૂર સંગઠનોએ ભારતની આ અહિંસક લડતને ટેકો જાહેર કર્યો. પરદેશોમાં વસતા ભારતીયો દ્વારા ઠેરઠેરથી અભિનંદન અને ટેકો મળ્યો. આમ ગુજરાતમાં થયેલ આ દાંડીયાત્રા સત્યાગ્રહે વિશ્વભરમાં ભારત માટે લાગણી અને માન ઊભાં કર્યાં.

હિન્દુસ્તાનના આઝાદી સંગ્રામની અંતિમ મોટી લડાઈ એટલે ‘હિંદ છોડો’ – ક્વિટ ઇન્ડિયા ચળવળ. ૯મી ઑગસ્ટ ૧૯૪૨ના રોજ કોંગ્રેસે ઠરાવ કરતાં કહ્યું કે, ‘અંગ્રેજો, હવે બસ થયું. ક્વિટ ઇન્ડિયા, ‘કરેંગે યા મરેંગે’નું સૂત્ર ગાંધીજીએ આપી લડતને વેગ આપ્યો.

દેશભરમાં ધરપકડનો દોર શરૂ થયો. ચારેબાજુ હડતાળો પડી. સરઘસો નીકળ્યાં, દેખાવો થયા, સરકારી મિલકતો પર હુમલાઓ થયા. અમદાવાદમાં પ્રથમ દિવસે

લખતર વચ્ચે એક ટ્રેન અટકાવી સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયાની જંગી લૂંટ કરી. આ રૂપિયાનો ઉપયોગ હિંદ છોડો ચળવળ માટે કરવામાં આવ્યો.


અમદાવાદની ૭૫ કાપડ મિલોના દોઢ લાખ મજૂરોએ ૧૦૫ દિવસની શાંત અને અદ્ભુત ઐતિહાસિક હડતાળ પાડી. અમદાવાદનાં તમામ બજારો અને શાળા–કૉલેજો પણ ૧૦૫ દિવસ બંધ રહ્યાં. સુરતમાં પણ મિલો, બજારો અને શાળાઓ ૧૦૫ દિવસ બંધ રહ્યાં. ગુજરાતભરનાં શહેરો તથા ગામડાંઓમાં હડતાળો પડી, ચારે બાજુ સ્વયંભૂ હડતાળો, સરઘસો, દેખાવો, પ્રભાતફેરીઓ વગેરે કાર્યમાં લોકો જોડાયા.


૯મી ઑગસ્ટના રોજ ખાડિયા ચાર રસ્તા પાસે થયેલ ગોળીબારમાં ઉમાકાંત કડિયા શહીદ થયા. વડોદરાથી ૩૪ વિદ્યાર્થીઓ આણંદની આસપાસનાં ગામોમાં ચળવળનો પ્રચાર કરીને ૧૮ ઑગસ્ટની સાંજે પાછા ફરતા હતા ત્યારે અડાસ સ્ટેશને પોલીસે કરેલા ગોળીબારમાં ત્રણ યુવા વિદ્યાર્થી તુરત ઘટનાસ્થળે મૃત્યુ પામ્યા.

આમ ગુજરાતભરમાં ઉગ્ર દમનનીતિ આચરી હોવા છતાં ગુજરાતીઓએ પોતાનું વીરત્વ બતાવી આપ્યું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના લોકોએ નોંધપાત્ર ફાળો આપ્યો છે, ગુજરાતીઓનું પ્રદાન અમૂલ્ય અને અતુલ્ય રહ્યું છે.

•

## ૧૧ મે ૧૯૯૮ : પોખરણ અણુપરીક્ષણ





# ગૌરવવંતા દિનની ઉજવણી રાષ્ટ્રપ્રેમના ગૌરવવંતા ઈતિહાસની યાદ

૧૧ મે, ૧૯૯૮નો દિવસ ભારતના ઈતિહાસમાં સુવર્ણઅક્ષરે લખાશે. આ દિવસે ભારતે રાજસ્થાનના 'પોખરણ' ખાતે અણુપરીક્ષણ કરીને, વિશ્વની અણુસંપન્ન મહાસત્તાઓની પંગતમાં પોતાનું સ્થાન મેળવી લીધું. ૧૧મેના આ ઐતિહાસિક દિને ભારતના ૧૦૦ કરોડ લોકોનું મસ્તક ગર્વ અને ગૌરવથી ઊંચું થઈ ગયું.

અણુપરીક્ષણ કરવા માટે દૃઢ રાજકીય ઈચ્છાશક્તિ અને સમયસરનું સુદૃઢ આયોજન ખૂબ જરૂરી છે. પોખરણ અણુવિસ્ફોટ માટે અટલજીનું પરિપક્વપણું, ચાતુર્ય, કોઠાસૂઝ, ઝડપી નિર્ણય અને આ બધાથી ઉપર ઊઠીને પ્રબળ રાષ્ટ્રભાવનાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

શ્રી અટલબિહારી વાજપેયીએ અણુપરીક્ષણ માટેની લીલી ઝંડી જરૂર આપી હતી, રાજકીય હિતથી ઉપર ઊઠીને એમાં રાષ્ટ્રહિતને પ્રાધાન્ય હતું. પ્રબળ રાષ્ટ્રપ્રેમનાં દર્શન હતાં. રાષ્ટ્રશક્તિને મજબૂત કરવાની દૃઢ મનોકામના હતી.

સને ૧૯૭૪માં કોંગ્રેસનાં વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોખરણ ખાતે અણુવિસ્ફોટ માટે મંજૂરી આપી હતી ત્યારે સંસદમાં શ્રી અટલબિહારી વાજપેયીએ શ્રીમતી ઈન્દિરા ગાંધીને રાષ્ટ્રને ગૌરવ અપાવવા બદલ અભિનંદન આપેલાં, પરંતુ એ જ અટલજીના નેતૃત્વ હેઠળની એન.ડી.એ. સરકારે ૯૮માં પોખરણ ખાતે અણુધડાકો કર્યો ત્યારે ડૉ. મનમોહન સિંઘ રાજ્યસભામાં વિપક્ષના નેતા હતા. તેમણે તે સમયે અણુવિસ્ફોટની સખ્ત ટીકા કરતાં કહેલું કે આ અણુવિસ્ફોટથી રાષ્ટ્રે ઘણું નુકસાન ભોગવવું પડશે. ખરેખર તો આ સમયે મનમોહન સિંઘે રાષ્ટ્રની અને સરકારની સાથે રહેવું જોઈતું હતું, પરંતુ મનમોહન સિંઘે રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખવાના બદલે રાજકીય હિતને વધુ ધ્યાનમાં રાખ્યું. જો કે પક્ષાપક્ષીની રાજનીતિ તો કોંગ્રેસને ગળથૂથીમાં જ મળેલી છે. પછી એ પાકિસ્તાન સાથે કારગીલનું યુદ્ધ હોય કે ઉરી હોય કે પુલવામા હોય કે કાશ્મીર ખાતે આતંકવાદીઓ સામેની લડાઈ હોય. કોંગ્રેસની કદી રચનાત્મક ભૂમિકા રહી જ નથી.

સદ્‌ગત રાષ્ટ્રપતિ માન. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના નેતૃત્વ હેઠળના વૈજ્ઞાનિકો અને સેનાના અધિકારીઓની ટીમે પોખરણ

અણુપરીક્ષણનો સફળ પ્રયોગ કરીને દેશને જે ઊંચાઈ આપી છે તે અદ્ભુત પરાક્રમને આ દેશવાસીઓ કદી નહિ ભૂલી શકે. ભારતના ઉજ્જવળ ભવિષ્યનો આ સંકેત છે. દેશના વૈજ્ઞાનિકો અને સેનાના જવાનોએ કેવી વિપરીત અને વિકટ પરિસ્થિતિમાં કાર્ય કર્યું છે, તે રોમાંચક પરાક્રમની ગાથા રોમાંચિત કરી દે તેવી છે.

પોખરણ-૨ના અણુપરીક્ષણના આખા કાર્યક્રમને 'ઓપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું. ડૉ. એ. પી. જે. કલામના નેતૃત્વ હેઠળ મુખ્ય પાંચ વૈજ્ઞાનિકો સહિત કુલ લગભગ ૧૫૦૦ જેટલા વૈજ્ઞાનિકો સમગ્ર ઓપરેશનમાં કાર્યરત હતા. સેનાના અધિકારીઓ અને જવાનો અલગ. બધા વૈજ્ઞાનિકો લશ્કરના વેશમાં જ કાર્યરત હતા. મુખ્ય પાંચ વૈજ્ઞાનિકોનાં નામ બદલાવીને કર્નલ નામ લગાવીને ફેરવી નાખવામાં આવ્યાં હતાં. સમગ્ર ઓપરેશનની મોટામાં મોટી ચિંતા જો કોઈ હતી તો તે અમેરિકન સેટેલાઇટની હતી. લાંબો સમય ચાલનારી કામગીરીમાં નાની સરખી પણ માહિતી કે છબી અમેરિકન સેટેલાઇટમાં ન પકડાઈ જાય તેની મોટી કાળજી રાખવામાં આવી હતી. મુંબઈથી વૈજ્ઞાનિકો અને સામાનની અવરજવર માટે સાદા પ્લેનનો જ ઉપયોગ થતો. રણમાં મોટાભાગની કામગીરી રાત્રે જ કરવામાં આવતી જેથી સેટેલાઇટ તેને પકડી ન શકે. વળી, લશ્કરી વેશમાં કામગીરી થતી હોવાથી પ્રાથમિક દૃષ્ટિએ એવું જ લાગે કે લશ્કરની પરેડ અથવા કામગીરી ચાલે છે. સમગ્ર ઓપરેશનને લગભગ ૭૦ વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. આ વાત પરથી ધ્યાનમાં આવે છે કે સમગ્ર ઓપરેશન કેટલું અઘરું હતું !

સન ૧૯૭૪માં માત્ર એક જ અણુપરીક્ષણ કરેલ પરંતુ ૧૯૯૮માં પાંચ-પાંચ પરીક્ષણ એકી સાથે કરવાનાં હતાં. વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ આ અઘરામાં અઘરું કાર્ય હતું. પાંચમાંથી એક પરીક્ષણ પણ જો નિષ્ફળ જાય તો મોટી મુશ્કેલી ઊભી થાય. વૈજ્ઞાનિકો માટે આ મોટી ચેલેન્જ હતી. વળી, પરીક્ષણની તૈયારી માટે માત્ર એક માસનો જ સમયગાળો મળ્યો હતો. આ એક માસમાં કેટલી કેટલી તૈયારીઓ કરવાની હતી તેની તો કલ્પના જ કરવાની રહી, પરંતુ તેના માટે એક જ ઉદાહરણ પૂરતું છે. પરીક્ષણ કરવા માટે કુલ ૨૦૦ મીટરના ત્રણ કૂવાની જરૂર હતી. ૧૯૭૪માં કરેલ એક પરીક્ષણનો એક કૂવો તૈયાર હતો. પણ બે કૂવાનું શું ? ૨૦૦ મીટરનો કૂવો એટલે લગભગ ૬૦ માળની ઇમારત જેટલી ઊંડાઈ થઈ. વળી, માત્ર કૂવો ખોદી લેવાથી કામ ન ચાલે. તેમાં લિફ્ટ બેસાડવી પડે, અલગ-અલગ જગ્યાએ વૈજ્ઞાનિક ઉપકરણો લગાડવાં પડે. આ બધું અસંભવ લાગતું હતું. પરંતુ લશ્કરના જવાનોએ ખાતરી આપી કે અમો આ કાર્ય પાર પાડી દઈશું. અને 'બંગાળ એન્જિનિયરિંગ ટ્રુપ'ના જવાનોએ આ અસંભવ કાર્યને સંભવ બનાવી દીધું.

રાજસ્થાનના રણની ધખધખતી રેતી વચ્ચે રાત-દિવસ જોયા વગર કાર્ય કરનાર એ વૈજ્ઞાનિકોને લાખ લાખ સલામ કરવાની ઈચ્છા થાય છે. એક વૈજ્ઞાનિકના જણાવ્યા અનુસાર એપ્રિલ-મે ભારતમાં જ્યારે અમો રણમાં કામ કરતા હતા ત્યારે તાપમાનનો પારો સવારે ૪૮ ડિગ્રી અને સાંજે વધીને ૫૨ ડિગ્રી સેલ્શીયસ જેટલો ઊંચો ચડી જતો. એ.સી. પંખાની વાત તો દૂર રહી, ઘણીવાર માથે છાંયો પણ ન રહેતો. અમારા યુવાન વૈજ્ઞાનિકોની સાથે ૬૭ વર્ષના ડૉ. કલામ સાહેબ પણ રણની ગરમીમાં દોડતા ત્યારે અમોને તેમાંથી ખૂબ મોટી પ્રેરણા મળતી. આટલી ગરમીમાં પણ અમો શર્ટનાં બટન ખુલ્લાં રાખી શકતા નહિ કારણ કે પવનની સાથે ઊડતી રેતીનો એક કણ પણ જો શરીરને ચોંટી ગયો તો ખલાસ ! દાઝી જવાતું અને સખ્ત જલન ઊપડતી. સખ્ત ગરમીમાં રાત-દિવસ કામ કરવાથી ઘણા વૈજ્ઞાનિકોને વારંવાર ઊલટી, ઝાડા, ચક્કર આવી જતાં. કોઈ વૈજ્ઞાનિક જરા જેટલી પણ ફરિયાદ કરતો નહિ, કારણ કે બધા સમજતા હતા કે જીવનમાં આવો 'અવસર' ફરી મળવાનો નથી. ઘણીવાર તો ખોરાકમાં પણ રેતી ભળી જતી.

આ કાર્ય માટે દેશપ્રેમની મોટી પ્રેરણા અને દેશપ્રેમી કલામ સાહેબ જેવું મોટું પ્રેરણાદાયી નેતૃત્વ સામે હતું. એકવાર એવું બન્યું કે ૨ મેના દિવસે વાયરલેસ સંદેશ આવ્યો કે વૈજ્ઞાનિક ડૉ. કાકોડકરના પિતાશ્રીનું અવસાન થયેલ છે. ડૉ. કલામસાહેબે તુરત કાકોડકરને મુંબઈ પહોંચાડવાની વ્યવસ્થા કરી. બધાએ માની લીધું કે હવે ડૉ. કાકોડકર આ અભિયાનમાંથી બહાર નીકળી ગયા. પરંતુ, સૌના આશ્ચર્ય વચ્ચે બીજા

જ દિવસે તેઓ સવારની બેઠકમાં હાજર થઈ ગયા. બધું ભૂલીને તેઓ કામે લાગી ગયા. એકવાર બેઠકમાં 'ચુનૌતિ'શબ્દ ઉપર ડૉ. કલામસાહેબે એક કલાક પ્રેરણાદાયી પ્રવચન આપેલું. એક વૈજ્ઞાનિકે એની નોંધમાં લખ્યું છે કે, ઘણીવાર ૬૭ વર્ષીય ડૉ. કલામને ૫૨ ડિગ્રી તાપમાનમાં, ધખધખતી રેતી પર ચાલીને એક સ્થળેથી બીજા સ્થળે જતાં જોતા, ત્યારે અમારી આંખમાં ઝળઝળિયાં આવી જતાં. આવા પ્રખર દેશપ્રેમી લોકોએ દેશનું નામ વિશ્વમાં રોશન કર્યું.

૧૯૭૪માં આપણે જે અણુપરીક્ષણ કર્યું તેની જાણકારી અમેરિકાને ૨૪ કલાક પછી મળી હતી. અમેરિકાએ જ્યારે આપણને પૂછ્યું કે, 'તમારા રાજસ્થાનના રણમાં ભૂકંપ આવ્યો છે ?' ત્યારે, આપણે તેમને કહેલું કે, ના, ભૂકંપ નથી આવ્યો, અમોએ અણુપરીક્ષણ કર્યું છે. આ ઘટના પછી અમેરિકાએ ભારત ઉપર નજર રાખવા ત્રણ જિઓ સ્ટેશન અને એક જિઓ સિન્ક્રોનાઇઝ ઉપગ્રહ આકાશમાં કાર્યરત કર્યા. ૧૯૯૮ના અણુપરીક્ષણ સમયે વૈજ્ઞાનિકો સમક્ષ આ મોટામાં મોટી મુશ્કેલી હતી, પરંતુ આપણા વૈજ્ઞાનિકો અમેરિકાની આંખમાં ધૂળ નાખવામાં સફળ રહ્યા. જે ઓપરેશનમાં લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલી વ્યક્તિ કામે લાગી હોય છતાં તે વ્યક્તિના કુટુંબીજનોને પણ ખબર ન હોય કે ઘરની વ્યક્તિ ક્યાં, શું કાર્ય કરી રહી છે, તે જ આ ઓપરેશનની મોટી સફળતા, વિજય ગણી શકાય. એક વૈજ્ઞાનિકની પત્નીને તો ત્યારે ખબર પડી કે અખબારોમાં અણુવિસ્ફોટના સમાચાર વાંચ્યા અને તે વિસ્ફોટ સાથે તેના પતિનું નામ વાંચ્યું. પોખરણ-૨ના અણુવિસ્ફોટ બાદ અમેરિકન સેનેટે પ્રમુખનો ઊધડો લેતાં પૂછ્યું કે, સી. આઈ.એ. અને ઉપગ્રહો પાછળ આટલો ખર્ચ કર્યા પછી પણ ભારત જો આપણને અંધારામાં રાખી શકતું હોય તો આટલો ખર્ચ કરવાનું પ્રયોજન શું ? બહુ ઊહાપોહ થયા પછી અમેરિકન પ્રમુખે એક નિવૃત્ત પ્રમુખની આગેવાનીમાં સમિતિની રચના કરવી પડી.


પોખરણ અણુપરીક્ષણના કાર્યક્રમને દેશભરના લોકોએ તેમજ અખબારોએ આવકાર્યો હતો, એટલું જ નહિ વિશ્વભરમાંથી પણ આવકારવામાં આવ્યો હતો. વિશ્વપ્રસિદ્ધ ચેનલ સી. એન.એન.એ અણુપરીક્ષણ પછી, ૧૨મે થી ૩૦ મે સુધી આ વિષય પર જનમત સંગ્રહ કરવાનું નક્કી કર્યું. પ્રશ્ન સીધો અને સ્પષ્ટ હતો કે, ભારત દ્વારા કરાયેલ અણુપરીક્ષણનું આપ સમર્થન કરો છો ? 'હા' તો શા માટે ? 'ના' તો શા માટે ? ૩૦ તારીખ સુધી ચાલનારા આ જનમત સંગ્રહને અડધેથી એટલે કે ૨૨મેના દિવસે બંધ કરી દેવામાં આવ્યો. કારણ જણાવવામાં આવ્યું કે, પ્રતિક્રિયા એટલી બધી જબરજસ્ત અને ઉત્સાહપૂર્ણ હતી, પરંતુ તે 'એકપક્ષીય' હતી. એકપક્ષીય એટલે ? દુનિયાભરના લોકોએ અને ખાસ કરીને યુરોપના લોકોએ ભારતના આ અણુપરીક્ષણના કાર્યક્રમનું જોરદાર સ્વાગત કર્યું હતું.

દેશનો એક સામાન્ય નાગરિક આ દેશ માટે કેટલું માન-સન્માન અને દેશદાઝની ઊંડી લાગણી ધરાવે છે તેનો એક કિસ્સો પોખરણના અણુપરીક્ષણ બાદ જોવા મળ્યો. ત્રણ વૈજ્ઞાનિકો પોખરણ અણુપરીક્ષણના થોડા દિવસ બાદ હવાઈદળના વિમાનમાં મુંબઈ ઊતર્યા. અડધી રાત્રે ટેક્સી મળવી મુશ્કેલ હતી અને મળે તો દોઢું ભાડું દેવું પડે. વૈજ્ઞાનિકોને આમ તો પૂના જવાનું હતું પણ પહેલાં તેઓને 'ભાભા એટમિક રિસર્ચ સેન્ટર' જવાનું હતું. ત્યાં રાત્રીરોકાણ કરી સવારે પૂના જવું એવું નક્કી કર્યું. સદ્‌નસીબે એક ટેક્સી તેઓને મળી ગઈ. ટેક્સીમાં વૈજ્ઞાનિકોની વાતો પરથી ટેક્સી ડ્રાઇવર બધું સમજી ગયો કે આ તો બધા પોખરણવાળા વૈજ્ઞાનિકો છે.

વૈજ્ઞાનિકોએ એરપોર્ટ પરથી એવું નક્કી કરેલું કે ભાભા એટમિક રિસર્ચ સેન્ટરેથી ટેક્સી છોડી દેવી અને ત્યાંથી સેન્ટરની ગાડી લઈ અણુ શક્તિનગર ચાલ્યા જવું. પરંતુ ટેક્સી ડ્રાઈવરે જ્યારે સેન્ટર પહોંચી વૈજ્ઞાનિકોને કહ્યું કે, આપે અહીં ગાડી બદલવાની જરૂર નથી. હું આપને અણુશક્તિનગર પહોંચાડી દઈશ. આ વાત સાંભળી વૈજ્ઞાનિકોને આશ્ચર્ય થયું. જ્યારે ટેક્સી ડ્રાઈવરે એવી વિનંતી કરે કે હું આપની પાસેથી ટેક્સી ભાડાની એક પાઈ પણ નહિ લઉં. વૈજ્ઞાનિકોએ પૈસા દેવાનો ખૂબ આગ્રહ કર્યો ત્યારે ટેક્સી ડ્રાઈવર એટલું જ બોલ્યો કે, 'આપ દેશ માટે આટલું બધું કરો છો ત્યારે અમો આપના માટે આટલું ન કરી શકીએ ? ત્રણે વૈજ્ઞાનિકોને તે દિવસે લાગ્યું કે અમારા પરાક્રમનું આ મોટામાં મોટું પારિતોષિક છે.

●

# હા, હું ‘ગુજરાતી’ છું



ભરત પંડ્યા

માનવતા મારી નસેનસમાં છે.
સ્નેહમાં શક્તિ છું.
સેવામાં ભક્તિ છું.
દાનમાં અંકિત છું.
હા, હું ‘એકતા’નું પ્રતિક છું
હા, હું ગુજરાતી છું.
વ્યાપાર મારી રગેરગમાં છે.
પ્રકૃતિમાં સાહસિક છું.
પ્રતિષ્ઠામાં યુગાનુયુગ છું.
પ્રદક્ષિણામાં વિશ્વપ્રવાસી છું.
હા, હું ‘પ્રગતિ’નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વિરતા મારા રોમે રોમમાં છે.
સત્યનો ઉપાસક છું.
અહિંસાનો આરાધક છું.
પ્રેમનું અમૃત છું.
હા, હું ‘વિશ્વ શાંતિ’નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વસુધૈવકુટુમ્બકમ્ મારા શ્વાસેશ્વાસમાં છે.
દ્વારકાધીશની વાંસળીમાં ‘ગીતા’નો સૂર છું.
સીદી સૈયદના નૂરમાં ‘સમભાવ’ની જાળી છું.
આતંકી ખોપડીની ઝૂલમાં હું મહાકાળી છું.
હા, હું ‘મહાશક્તિ’નું પ્રતીક છું.
હા, હું ગુજરાતી છું.
યાત્રિક દુનિયાના જગે-જગમાં છું.
શ્રદ્દા-આસ્થાનો ધોધ છું.
દયા-કરૂણાનો બોધ છું.
પરંતુ, પ્રતિરોધમાં તાંડવનો ક્રોધ છું.
હા, હું ‘શિવ સોમનાથ’નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## જય જય ગરવી ગુજરાત !

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળહળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિ રીત – ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !

ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત !

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધરમણ ને, રત્નાગર સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર,
સંપે સોહે સહુ જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શુકન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત,
જય ઘૂમે નર્મદા સાથ
જય ! જય ! ગરવી ગુજરાત !

– નર્મદ

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.